સ્પર્ધાત્મક પરીક્ષાના ટોપર્સ વિદ્યાર્થીઓ માટેનું નં. 1 મેગેઝિન

# ICE® MAGIC

## CURRENT AFFAIRS

WEEK 07

[07/02/21 to 13/02/21]

સંપાદક
મૌલિક ગોંધિયા
(Director - ICE)


# જનરલ બેચ

RMC, સબ-ઓડિટર, હેડ કલાર્ક, તલાટી, નાયબ નિરીક્ષક, બિનસચિવાલય કલાર્ક

10% DISCOUNT

16-02-2021
સાંજે 4 થી 6

રાજકોટ
offline

!! SOCIAL DISTANCE મર્યાદિત સંખ્યા

93757-01110 / 93280-01110


સ્પર્ધાત્મક પરીક્ષાની લેટેસ્ટ માહિતી અને ફ્રી મટીરિયલ્સ તેમજ રેગ્યુલર કરંટ અફેર્સ મેળવવા માટે Click કરો.

JOIN OUR WHATSAPP GROUP
joinicerajkot.com


CONTACT US :

93757-01110 | www.iceonline.in | t.me/icerajkotofficial | icerajkot

# Timeline


**07 FEB-2021**

- ઈન્ડિયા જસ્ટિસ રિપોર્ટ 2020 અંતર્ગત મહારાષ્ટ્ર સમગ્ર દેશમાં પ્રથમ નંબરે ........ 02
- ઉપરાષ્ટ્રપતિ શ્રી એમ વેંકૈયા નાયડુના હસ્તે આદી મહોત્સવનો પ્રારંભ થયો ........ 03
- વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ 'મન કી બાત' કાર્યક્રમમાં ઓડિશાની પટ્ટાચિત્ર આર્ટિસ્ટ સુશ્રી ભાગ્યશ્રીની પ્રશંસા કરી ........ 04
- QUESTION ANSWERS ........ 06

**08 FEB-2021**

- ઉત્તરાખંડમાં આવેલું નંદાદેવી ગ્લેશિયર તૂટતા જળપ્રલયમાં ભારે નુકશાની ........ 08
- કેન્દ્રીય સંરક્ષણ પ્રધાન શ્રી રાજનાથસિંહે બેંગાલુરુ ખાતે લાઈટ કોમ્બેટ એરક્રાફ્ટના ઉત્પાદન માટેના નવા પ્લાન્ટનું ઉદ્ઘાટન કર્યું ........ 09
- ભારત દ્વારા હિંદ મહાસાગર ક્ષેત્રના સંરક્ષણ પ્રધાનોની કોન્ક્લેવનું આયોજન કરવામાં આવ્યું ........ 10
- QUESTION ANSWERS ........ 12

**09 FEB-2021**

- કર્ણાટકમાં લિથિયમનો જથ્થો મળી આવ્યો ........ 14
- પંડિત ભીમસેન જોશીની જન્મ શતાબ્દી ઉજવણીનો પ્રારંભ ........ 15
- 'ગોબરધન' અંતર્ગતની પ્રવૃત્તિઓની દેખરેખ માટે એકીકૃત વેબ પોર્ટલ શરૂ કરવામાં આવ્યું ........ 17
- QUESTION ANSWERS ........ 19

**10 FEB-2021**

- દિવસ મહિમા : 10 ફેબ્રુઆરી, વિશ્વ કઠોળ દિવસ (World Pulses Day) ........ 21
- રાજ્યસભાના સભ્ય તરીકે શ્રી ગુલામનબી આઝાદની નિવૃત્તિ ........ 21
- ભારત અને યુ.એસ. વચ્ચે સંયુક્ત સૈન્ય લશ્કરી કવાયત 'યુદ્ધ અભ્યાસ'નું આયોજન રાજસ્થાનમાં કરવામાં આવ્યું ........ 25
- QUESTION ANSWERS ........ 27

**11 FEB-2021**

- દિવસ મહિમા : 11 ફેબ્રુઆરી, વિજ્ઞાનમાં મહિલાઓ અને છોકરીઓના યોગદાન અંગેનો દિવસ (International Day of Women and Girls in Science) ........ 29
- અમેરિકાએ બાયોફ્યુઅલથી ચાલતુ પ્રથમ રોકેટ 'સ્ટારડસ્ટ 1.0' લોન્ચ કર્યું ........ 29
- મેજર પોર્ટ ઓથોરિટી બિલ, 2020 રાજ્યસભામાં પસાર કરવામાં આવ્યું ........ 31
- QUESTION ANSWERS ........ 33

**12 FEB-2021**

- દિવસ મહિમા : 12 ફેબ્રુઆરી, (1) ડાર્વિન દિવસ (2) ઈન્ટરનેશનલ ડે અગેઈન્સ્ટ ધ યુઝ ઓફ ચાઈલ્ડ સોલ્જર્સ (રેડ હેન્ડ ડે) ........ 34
- વિશ્વના સૌથી મોટા રેડિયો ટેલિસ્કોપ 'સ્કવેર કિલોમીટર એરે ઓબ્ઝર્વેટરી (SKAO)'ની સ્થાપનાને મંજૂરી ........ 34
- લદાખમાં ભારતનો પ્રથમ જિયોથર્મલ પાવર પ્રોજેક્ટ સ્થાપવામાં આવશે ........ 35
- નેશનલ હોર્ટીકલ્ચર ફેર 2021નું આયોજન બેંગાલુરુ ખાતે કરવામાં આવ્યું ........ 36
- QUESTION ANSWERS ........ 38

**13 FEB-2021**

- દિવસ મહિમા : 13 ફેબ્રુઆરી, વિશ્વ રેડિયો દિવસ (World Radio Day) ........ 40
- કેન્દ્ર સરકાર 'સમગ્ર શિક્ષા સ્કિમ' અંતર્ગત ભંડોળ મેળવતી શાળાઓનું નામ 'નેતાજી સુભાષચંદ્ર બોઝ નિવાસી શાળા/છાત્રાલય' કરશે ........ 40
- ડેનમાર્ક દ્વારા વિશ્વના પ્રથમ ઊર્જા ટાપુનું નિર્માણ કરવામાં આવશે ........ 42
- QUESTION ANSWERS ........ 43

**ONE LINER** ........ 44

**QUESTION OF THIS WEEK** ........ 52


ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ઈન્ડિયા જસ્ટિસ રિપોર્ટ 2020 અંતર્ગત મહારાષ્ટ્ર સમગ્ર દેશમાં પ્રથમ નંબરે

તાજેતરમાં **ઈન્ડિયા જસ્ટિસ રિપોર્ટ 2020 તાતા ટ્રસ્ટ** દ્વારા જાહેર કરવામાં આવ્યો છે.

- આ રિપોર્ટ તાતા ટ્રસ્ટે **સેન્ટર ફોર સોશિયલ જસ્ટિસ**, **દક્ષ**, **વિધી સેન્ટર ફોર લીગલ પોલિસી** અને **કોમનવેલ્થ હ્યુમન રાઈટ્સ ઈનિશિયેટીવ**ની મદદથી તૈયાર કર્યો છે.
- આ અહેવાલ અંતર્ગત ન્યાય આપવા માટેની વિવિધ રાજ્યોની ક્ષમતાનું મૂલ્યાંકન કરવામાં આવ્યું છે.



### ઈન્ડિયા જસ્ટિસ રિપોર્ટ 2020ની મુખ્ય બાબતો

આ રિપોર્ટમાં **ન્યાયિક પ્રક્રિયાના ચાર મુખ્ય અંગ પોલીસ**, **અદાલત**, **જેલ** અને **કાનૂની** સહાયતાના આધારે વિવિધ રાજ્યોનું રેન્કિંગ જાહેર કરવામાં આવ્યું હતું.

- 1 કરોડથી વધુની વસતી ધરાવતા 18 મોટા અને મધ્યમ કદના રાજ્યો અને 7 નાના કદના રાજ્યોમાં ખર્ચ, ખાલી જગ્યાઓ, મહિલાઓનું પ્રતિનિધિત્વ, માનવ સંસાધનો, માળખાગત સુવિધાઓ, કામનું ભારણ વગેરે અંગે વિશ્લેષણ કરવામાં આવ્યું હતું.
- **મહારાષ્ટ્રે સતત બીજી વખત 18 રાજ્યોમાં ટોચનું સ્થાન** મેળવ્યું હતું.
- મહારાષ્ટ્ર બાદ આ રેન્કિંગમાં **તમિલનાડુ**, **તેલંગાણા**, **પંજાબ** અને **કેરળ** અનુક્રમે **બીજા**, **ત્રીજા**, **ચોથા** અને **પાંચમાં ક્રમાંકે** રહયા છે.
- **ગુજરાત**ને આ ઈન્ડેક્સ અંતર્ગત **છઠ્ઠો ક્રમાંક** પ્રાપ્ત થયો છે.
- **ઉત્તરપ્રદેશ સૌથી** નીચે એટલે કે **18મા ક્રમાંકે** રહયું છે.
- **નાના રાજ્યોમાં ત્રિપુરા આ રિપોર્ટ અંતર્ગત પ્રથમ ક્રમાંકે** રહયું છે.

### ઈન્ડિયા જસ્ટિસ રિપોર્ટ 2020 અંતર્ગત વિવિધ રાજ્યોનો ક્રમ

| | |
|---|---|
| 1. મહારાષ્ટ્ર | 5. કેરળ |
| 2. તમિલનાડુ | 6. ગુજરાત |
| 3. તેલંગાણા | 18. ઉત્તરપ્રદેશ |
| 4. પંજાબ | |

**ICE FACT :**

(1) ભારતમાં ફક્ત 29% મહિલા ન્યાયાધીશો વર્તમાનમાં વિવિધ અદાલતોમાં ફરજ બજાવે છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ઉપરાષ્ટ્રપતિ શ્રી એમ વેંકૈયા નાયડુના હસ્તે આદી મહોત્સવનો પ્રારંભ થયો

ભારતના ઉપરાષ્ટ્રપતિ **શ્રી એમ. વેંકૈયા નાયડુ**એ **નવી દિલ્હી**ના **ડિલી હાટ**માં **આદી મહોત્સવ**નો પ્રારંભ કર્યો છે.

- આ મહોત્સવમાં આદિજાતિ કલા અને હસ્તકલા, દવા, રાંધણકળા, લોકપ્રદર્શન અને વેચાણ વગેરેનો સમાવેશ કરવામાં આવ્યો છે.
- આ મહોત્સવમાં દેશનાં 20 રાજ્યોમાંથી આદિજાતિ કારીગરો, કલાકારો અને રસોઈના જાણકારો ભાગ લઈ રહયા છે.
- આ મહોત્સવ દરમિયાન આદિજાતિ સમુદાયો તેમની સમૃદ્ધ પરંપરાગત સંસ્કૃતિની ઝલક આપશે.
- **કેન્દ્રીય આદિજાતિ બાબતોના મંત્રાલય** હેઠળ આ મહોત્સવનું આયોજન કરવામાં આવી રહયું છે.
- આ **કેન્દ્રીય મંત્રાલય હેઠળ ટ્રાઈફેડ આદિજાતિ** લોકોની આવક અને આજીવિકા સુધારવા ઉપરાંત તેમની જીવનશૈલી અને પરંપરાઓ જાળવી રાખવા માટે કામ કરી રહયું છે.

### આદી મહોત્સવ વિશે

તે એક રાષ્ટ્રીય **આદિજાતિ મહોત્સવ** છે જેનો પ્રારંભ **1 ફેબ્રુઆરી, 2020**ના રોજ ઉપરાષ્ટ્રપતિ શ્રી વેંકૈયા નાયડુના હસ્તે કરવામાં આવ્યો હતો.

- આ મહોત્સવ 15 ફેબ્રુઆરી, 2021 સુધી ચાલુ રહેશે.
- આદી મહોત્સવએ આદિજાતિ સંસ્કૃતિ, હસ્તકલા, ભોજન અને વાણિજયની ઉજવણી છે.
- આ મહોત્સવનો પ્રારંભ **વર્ષ 2017**થી કરવામાં આવ્યો છે.
- આદી મહોત્સવનું આયોજન **'Celebration of the spirit of Tribal Culture, Cuisine and Commerce'**ની થીમ અંતર્ગત કરવામાં આવ્યું હતું.

### ટ્રાઈબલ કો-ઓપરેટિવ માર્કેટિંગ ફેડરેશન ઓફ ઈન્ડિયા (TRIFED) વિશે

TRIFED એ રાષ્ટ્રીય કક્ષાનું સહકારી મંડળ છે જે **કેન્દ્રીય આદિજાતિ બાબતોના મંત્રાલયના વહીવટી નિયંત્રણ હેઠળ** કાર્ય કરે છે.

- તેની સ્થાપના **ઓગસ્ટ 1987**માં **મલ્ટી-સ્ટેટ કો-ઓપરેટીવ સોસાયટીઝ એક્ટ, 1984** અંતર્ગત કરવામાં આવી હતી.
- તેનું મુખ્ય મથક **નવી દિલ્હી** ખાતે આવેલું છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ 'મન કી બાત' કાર્યક્રમમાં ઓડિશાની પટ્ટાચિત્ર આર્ટિસ્ટ સુશ્રી ભાગ્યશ્રીની પ્રશંસા કરી

તાજેતરમાં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ તેના 'મન કી બાત' કાર્યક્રમમાં ઓડિશાની દીકરી સુશ્રી ભાગ્યશ્રીની પ્રશંસા કરી હતી.

- સુશ્રી ભાગ્ય શ્રી નરમ પથ્થરોનો ઉપયોગ કરીને વિભિન્ન વિષયો પર પટ્ટાચિત્ર બનાવવાની કલામાં પારંગત છે.
- તેણીએ લોકડાઉન દરમિયાન તેની કુશળતાનો ઉપયોગ કરીને બિનઉપયોગી બોટલો, વિજળીના બલ્બો, વિભિન્ન કાચ અને પ્લાસ્ટિક સામગ્રીઓ પર પટ્ટાચિત્રોનું નિર્માણ કર્યું હતું.

### પટ્ટાચિત્ર વિશે

સામાન્ય રીતે પરંપરાગત **કાપડ આધારિત સ્કોલ પેઈન્ટિંગ** માટે **'પટ્ટાચિત્ર'** અથવા **'પટચિત્ર'** શબ્દનો ઉપયોગ થાય છે.

- આ કળા સ્વરૂપ **ઓડિશા** અને **પશ્ચિમ બંગાળ** રાજ્યમાં વધુ જોવા મળે છે.
- આ કળા દ્વારા **પૌરાણિક કથાઓ** અને **લોકકથાઓ**ને દર્શાવવામાં આવે છે.
- તે ઓડિશાની એક પ્રાચીન કળા છે જે અનુષ્ઠાન માટે અને મંદિરોમાં તીર્થયાત્રિયોની સ્મૃતિ માટે પણ તૈયાર કરવામાં આવે છે.
- આ કળા સ્વરૂપ **પ્રાચીન બંગાળી કથા કલાનો** એક ઘટક છે.
- આ પેઈન્ટિંગમાં વપરાતા મોટા ભાગના **રંગો કુદરતી** હોય છે.

### પટ્ટાચિત્ર પેઈન્ટિંગની થીમો

આ ચિત્રો મુખ્યત્વે **હિન્દુ પૌરાણિક કથાઓ** પર આધારિત છે.

- તેમાં મુખ્યત્વે **જગન્નાથ** અને **વૈષ્ણવ સંપ્રદાય**નો પ્રભાવ જોવા મળે છે.
- આમ, ઓડિયા પેઈન્ટિંગની **થીમ ભગવાન જગન્નાથ** અને **વૈષ્ણવ સંપ્રદાય**ની આજુબાજુ જોવા મળે છે.
- પટ્ટાચિત્રમાં પેઈન્ટિંગની શૈલીમાં **લોક** અને **શાસ્ત્રીય બંને તત્વોનું મિશ્રણ** જોવા મળે છે.
- આ પેઈન્ટિંગના પોશાકોમાં **મુઘલ ડ્રેસ સ્ટાઈલનો પ્રભાવ** પણ દેખાઈ આવે છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## પટ્ટાચિત્ર પેઈન્ટિંગની વિવિધ શ્રેણીઓ

ઓડિશાના પટ્ટાચિત્ર પેઈન્ટિંગને વિવિધ માધ્યમના આધારે ત્રણ શ્રેણીમાં વર્ગીકૃત કરવામાં આવે છે.

- કાપડ પરના પેઈન્ટિંગને **'પટ્ટાચિત્ર'**, દિવાલો પરના પેઈન્ટિંગને **'ભીત્તિચિત્ર'**, અને તાડના પત્રો પરના પેઈન્ટિંગને **'તાલ પત્ર ચિત્ર'** તરીકે ઓળખવામાં આવે છે.

## GI ટેગ

પશ્ચિમ બંગાળ અને ઓડિશા બંને રાજ્યોમાં પેઈન્ટિંગની શૈલી અને રૂપરેખા જુદાં–જુદાં હોવાથી બંને રાજ્યો માટે GI ટેગ અલગ–અલગ રીતે નોંધાયેલ છે.

- ઓડિશાના પટ્ટાચિત્રો **'ઓડિશા પટ્ટાચિત્રો'** તથા પશ્ચિમ બંગાળના પટ્ટાચિત્રો **'બેંગાલ પટ્ટાચિત્ર'** તરીકે નોંધાયેલ છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®



1. ઈન્ડિયા જસ્ટિસ રિપોર્ટ 2020 અંતર્ગત કયું રાજ્ય સમગ્ર દેશમાં પ્રથમ ક્રમાંકે રહયું છે ?
(A) મહારાષ્ટ્ર (B) તમિલનાડુ (C) તેલંગાણા (D) ગુજરાત (A)

2. ઈન્ડિયા જસ્ટિસ રિપોર્ટ 2020 તાજેતરમાં કયા ગ્રૂપ દ્વારા જાહેર કરવામાં આવ્યો છે ?
(A) રિલાયન્સ ટ્રસ્ટ (B) અદાણી ટ્રસ્ટ
(C) કેન્દ્રીય કાયદા મંત્રાલય (D) તાતા ટ્રસ્ટ (D)

3. ઈન્ડિયા જસ્ટિસ રિપોર્ટ 2020 અંતર્ગત તાજેતરમાં ગુજરાત કેટલામાં ક્રમાંકે રહયું છે ?
(A) પાંચમા (B) છઠ્ઠા (C) સાતમા (D) આઠમા (B)

4. આદી મહોત્સવનો પ્રારંભ તાજેતરમાં કોના હસ્તે કરવામાં આવ્યો હતો ?
A) શ્રી નરેન્દ્રભાઈ મોદી (B) શ્રી રામનાથ કોવિંદ
(C) શ્રી એમ. વેંકૈયા નાયડુ (D) શ્રી રાજનાથ સિંહ (C)

5. આદી મહોત્સવ અંગે સાચું વિધાન/વિધાનો ચકાસો ?
1. કેન્દ્રીય આદિજાતિ બાબતોના મંત્રાલય હેઠળ આ મહોત્સવનું આયોજન કરવામાં આવી રહયું છે.
2. તેનું આયોજન નવી દિલ્હીના દિલી હાટ ખાતે કરવામાં આવી રહયું છે.
3. આ મહોત્સવનો પ્રારંભ વર્ષ 2018થી કરવામાં આવ્યો છે.
4. 'Celebration of the Spirit of Tribal Culture Cuisine and Commerce' થીમ અંતર્ગત તેનું આયોજન કરવામાં આવ્યું છે.
(A) 1, 2, 4 (B) 1, 2, 3, 4 (C) 2, 3, 4 (D) 1, 2, 3 (A)

6. ટ્રાઈબલ કો–ઓપરેટિવ માર્કેટિંગ ફેડરેશન ઓફ ઈન્ડિયા (TRIFED)ની સ્થાપના કયા એક્ટ અંતર્ગત કરવામાં આવી હતી ?
(A) મલ્ટી સ્ટેટ કો–ઓપરેટિવ સોસાયટીઝ એક્ટ, 1987
(B) મલ્ટી સ્ટેટ કો–ઓપરેટિવ સોસાયટીઝ એક્ટ, 1984
(C) મલ્ટી સ્ટેટ કો–ઓપરેટિવ સોસાયટીઝ એક્ટ, 1985
(D) મલ્ટી સ્ટેટ કો–ઓપરેટિવ સોસાયટીઝ એક્ટ, 1986 (B)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

7. પટ્ટાચિત્ર વિશે સાચું વિધાન/વિધાનો જણાવો ?

1. સામાન્ય રીતે પરંપરાગત કાપડ આધારિત સ્ક્રોલ પેઈન્ટિંગ માટે 'પટ્ટાચિત્ર' અથવા 'પટચિત્ર' શબ્દનો ઉપયોગ થાય છે.
2. ચિત્રનું આ કળા સ્વરૂપ ઓડિશા અને પશ્ચિમ બંગાળ રાજ્યમાં વધુ જોવા મળે છે.
3. આ ચિત્રકળામાં મુખ્યત્વે જગન્નાથ અને વૈષ્ણવ સંપ્રદાયનો પ્રભાવ જોવા મળે છે.
4. આ પેઈન્ટિંગના પોશાકોમાં મુઘલ ડ્રેસ સ્ટાઈલનો પ્રભાવ જોવા મળે છે.

(A) 1, 2, 3 (B) 2, 3, 4 (C) 1, 2, 4 (D) 1, 2, 3, 4 **(D)**

PSI/ASIની ગંભીર તૈયારી ઈચ્છતા વિદ્યાર્થીઓ માટે જ

PSI / ASI

નવી બેચ OFFLINE

10% DISCOUNT

અમદાવાદ
09-02-2021
84695-01110
84696-01110

ગાંધીનગર
16/02/2021
81406-01110
81407-01110

જૂનાગઢ
15/02/2021
76985-01110
76986-01110

!! SOCIAL DISTANCE મર્યાદિત સંખ્યા

ગુજરાત પોલીસમાં 1270થી વધુ સફળ વિદ્યાર્થીઓ

ICE®
INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ઉત્તરાખંડમાં આવેલું નંદાદેવી ગ્લેશિયર તૂટતા જળપ્રલયમાં ભારે નુકશાની

તાજેતરમાં ઉત્તરાખંડના ચમૌલી જિલ્લામાં આવેલા તપોવન રૈની વિસ્તારમાં નંદાદેવી ગ્લેશિયર તૂટતા ધૌલીગંગા, અલકનંદા અને ઋષિગંગા નદીઓમાં અચાનક પૂર આવ્યું હતું જેના કારણે ભારે નુકશાન થયું હતું.

- નંદાદેવી ગ્લેશિયર તૂટતાં રૈની ગામ નજીક ઋષિગંગા નદી પર આવેલો ઋષિગંગા હાઈડ્રો પ્રોજેક્ટ સંપૂર્ણપણે પૂર અને કાટમાળના પ્રવાહમાં તણાઈ ગયો હતો.
- ઋષિગંગા નદી રૈની ગામ નજીક ધૌલીગંગા નદીને મળે છે.

### મુખ્ય બાબતો

સ્નો એન્ડ એવલાન્ચ સ્ટડી એસ્ટાબ્લિશમેન્ટ (SASE) દ્વારા આ સમગ્ર દૂર્ઘટનાની તપાસ કરવામાં આવી રહી છે.

- SASEએ ડિફેન્સ રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ ઓર્ગેનાઈઝેશન (DRDO) હેઠળ કાર્યરત નોડલ સંસ્થા છે.
- ગ્લેશિયર તૂટવાનું સચોટ કારણ હજી સુધી જાણી શકાયું નથી.

ICE
INSTITUTE FOR COMPETITIVE EXAMS

### અલકનંદા નદી

તે ઉત્તરાખંડમાં આવેલી હિમાલયની નદી છે.

- તે ગંગા નદીના બે મુખ્ય ધારાઓ પૈકીની એક છે.
- અલકનંદા નદીના મુખ્ય ઉદ્ગમ તરીકે સત્તોપંથ ગ્લેશિયરને ઓળખવામાં આવે છે.
- અલકનંદા નદી તેની લંબાઈ અને તેના જળ સ્ત્રાવને લીધે ગંગાના મુખ્ય સ્ત્રોત પ્રવાહ તરીકે ઓળખવામાં આવે છે.
- પરંતુ હિન્દુ પૌરાણિક કથા અનુસાર ભાગીરથી નદીને ગંગાના મુખ્ય સ્ત્રોત તરીકે ઓળખવામાં આવે છે.
- અલકનંદાની મુખ્ય પાંચ ઉપનદીઓ છે જેમાં ધૌલીગંગા, નંદાકિની, પિંડર, મંદાકિની અને ભાગીરથી નદીઓનો સમાવેશ થાય છે.

## વિવિધ પવિત્ર પાંચ પ્રયાગો

1. 'વિષ્ણુપ્રયાગ' ખાતે ધૌલીગંગા નદી અલકનંદા નદીને મળે છે.
2. 'નંદપ્રયાગ' ખાતે નંદાકિની નદી અલકનંદા નદીને મળે છે.
3. 'કર્ણપ્રયાગ' ખાતે પિંડર નદી અલકનંદા નદીને મળે છે.
4. 'રૂદ્રપ્રયાગ' ખાતે મંદાકિની નદી અલકનંદા નદીને મળે છે.
5. 'દેવપ્રયાગ' ખાતે ભાગીરથી નદી અલકનંદા નદીને મળે છે. અહીંથી તે સત્તાવાર રીતે 'ગંગા નદી' તરીકે ઓળખાય છે.

## નંદાદેવી ગ્લેશિયર વિશે

નંદાદેવી ગ્લેશિયર ભારતના બીજા ક્રમના સૌથી ઊંચા નંદાદેવી પર્વતનો એક હિસ્સો છે.

- કાંચનજંઘા શિખર ભારત અને નેપાળની સરહદ પર આવેલું છે તેથી આમ તો નંદાદેવી ગ્લેશિયર ભારતનું સૌથી ઊંચું ગ્લેશિયર છે.
- વિશ્વમાં સૌથી ઊંચા શિખરોમાં તેનું સ્થાન 23મું છે.
- આ ગ્લેશિયર સંપૂર્ણપણે બરફથી ઢંકાયેલ છે.

ICE ® INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ઋષિગંગા પાવર પ્રોજેક્ટ વિશે

નંદાદેવી રાષ્ટ્રીય પાર્કથી નીકળતી ઋષિગંગા નદી અને ધૌલીગંગા નદીના સંગમ સ્થળે રૈની ગામ પાસે ઋષિગંગા નદી ઉપર એક હાઈડ્રો પાવર પ્રોજેક્ટ તૈયાર કરવામાં આવ્યો છે. તેને 'ઋષિગંગા પાવર પ્રોજેક્ટ' નામ આપવામાં આવ્યું છે.

- અહીંયા પાણીની મદદથી વીજળીનું ઉત્પાદન થતું હતું. સ્થાનિક લોકો દ્વારા તેનો વિરોધ કરાયો હતો. તેમ છતાં અહીંયા વીજ ઉત્પાદન શરૂ કરી દેવાયું હતું.
- અહીંયા આ પ્રોજેક્ટ દ્વારા 63,520 MWH વીજ ઉત્પાદનનું લક્ષ્ય મૂકવામાં આવ્યું હતું.

# કેન્દ્રીય સંરક્ષણ પ્રધાન શ્રી રાજનાથસિંહે બેંગાલુરુ ખાતે લાઈટ કોમ્બેટ એરક્રાફ્ટના ઉત્પાદન માટેના નવા પ્લાન્ટનું ઉદ્‌ઘાટન કર્યું

કેન્દ્રીય સંરક્ષણ પ્રધાન શ્રી રાજનાથસિંહ દ્વારા હિન્દુસ્તાન એરોનોટિક્સ લિમિટેડ (HAL)ના કેમ્પસ ખાતે લાઈટ કોમ્બેટ એરક્રાફ્ટના નવા પ્લાન્ટનું ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું છે.

- આ પ્લાન્ટ દ્વારા ભારતના સ્વદેશી ફાઈટર જેટ–લાઈટ કોમ્બેટ એરક્રાફ્ટ (LCA) તેજસનું ઉત્પાદન બમણું કરવામાં મદદ મળશે.

## લાઈટ કોમ્બેટ એરક્રાફ્ટ તેજસના પ્રોડક્શન પ્લાન્ટ વિશે

આ નવો ઉદ્‌ઘાટન કરાયેલ LCA તેજસ નિર્માણ પ્લાન્ટ 35 એકર વિસ્તારમાં ફેલાયેલો હશે.

- આ પ્લાન્ટ 83 LCA તેજસના ઓર્ડરને ઝડપથી પૂર્ણ કરવામાં મદદરૂપ થશે.
- આ પ્રોજેક્ટની મદદથી ખાનગી ક્ષેત્રમાં 5,000 પ્રાથમિક રોજગાર પેદા થશે.

## તેજસ LCA વિશે

તેજસ LCAનું નિર્માણ ડિફેન્સ રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ ઓર્ગેનાઈઝેશન (DRDO) તથા હિંદુસ્તાન એરોનોટિક્સ લિમિટેડ (HAL) દ્વારા કરવામાં આવ્યું છે.

- તેમજ તેની ડિઝાઈન સ્વદેશીરૂપથી એરક્રાફ્ટ ડેવલપમેન્ટ એજન્સી (ADA) દ્વારા કરવામાં આવી છે.
- તેજસ એ ચોથી જનરેશનનું સિંગલ એન્જિન ધરાવતું મલ્ટિરોલ ફાઈટર વિમાન છે.
- તે પૂંછડી વિનાનું અને એક જ એન્જિનથી ચાલતું કમ્પાઉન્ડ ડેલ્ટાવિંગ ડિઝાઈનનું વિમાન છે.
- આ લાઈટ કોમ્બેટ એરક્રાફ્ટ (LCA)નું નામ 4 મે, 2003ના રોજ તત્કાલિન સમયના વડાપ્રધાન શ્રી અટલ બિહારી વાજપેયીએ સત્તાવાર રીતે 'તેજસ' રાખ્યું હતું.
- લાઈટ કોમ્બેટ એરક્રાફ્ટ તેજસની રેન્જ 3,000 કિ.મી. છે. તેમજ તેનું વજન 6,500 કિલોગ્રામ છે.

ICE ® INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ભારત દ્વારા હિંદ મહાસાગર ક્ષેત્રના સંરક્ષણ પ્રધાનોની કોન્કલેવનું આયોજન કરવામાં આવ્યું.

4 ફેબ્રુઆરી, 2021ના રોજ ભારત દ્વારા હિંદ મહાસાગર ક્ષેત્ર (Indian Ocean Region)ના સંરક્ષણ પ્રધાનોની કોન્કલેવનું આયોજન કરવામાં આવ્યું હતું.

- હિંદ મહાસાગર ક્ષેત્રના સંરક્ષણ પ્રધાનોની આ કોન્કલેવનું આયોજન એરો ઈન્ડિયા 2021ના ભાગરૂપે કરવામાં આવ્યું હતું.
- એરો ઈન્ડિયા શોએ એશિયાનું સૌથી મોટું હવાઈ પ્રદર્શન છે.
- હિંદમહાસાગર ક્ષેત્રના સંરક્ષણ પ્રધાનોની આ કોન્કલેવનું આયોજન 'Enhanced Peace, Security and Cooperation in the Indian Ocean'ની થીમ અંતર્ગત કરવામાં આવ્યું હતું.
- કેન્દ્રના સંરક્ષણ પ્રધાન શ્રી રાજનાથ સિંહે આ કોન્કલેવને સંબોધન કર્યું હતું.

## ઈન્ડિયન ઓશન રિજન (IOR) કોન્કલેવ વિશે

આ કોન્કલેવએ એક પહેલ છે જે સભ્યદેશો વચ્ચે સંસ્થાકીય, આર્થિક અને સહકારી વાતાવરણમાં સંવાદને પ્રોત્સાહન આપવાની માંગ કરે છે.

- આ સંમેલન હિંદ મહાસાગર ક્ષેત્રના દેશોને હિંદ મહાસાગર ક્ષેત્રમાં શાંતિ, સ્થિરતા અને સમૃદ્ધિના વિકાસ માટે મદદ કરે છે.
- આ સંમેલનનું આયોજન નીચેના મુદ્દાઓને ધ્યાનમાં લેવાના ઉદ્દેશથી કરવામાં આવ્યું છે :

1. ઈન્ડિયન ઓશન રિજન દેશો વચ્ચે સંરક્ષણ ઉદ્યોગ માટે સહકાર
2. સમુદ્રી દેખરેખ અને સહયોગ
3. ભારતીય સંરક્ષણ શિપયાર્ડમાં ઉપલબ્ધ સંસાધનોની વહેંચણી કરવી. આ સંસાધનોનો ઉપયોગ ડિઝાઈનીંગ અને શિપબિલ્ડિંગના હેતુઓ માટે કરવામાં આવશે.
4. ભારતીય બંદરોના ઉપયોગ માટે મિત્રદેશોને મંજૂરી આપવી.
5. સમુદ્રી જાગરૂકતા વધારવા માટે માહિતીનું આદાન–પ્રદાન કરવું.
6. માનવતાવાદી સહાયતા અને આપત્તિ રાહત
7. દરિયાઈ સંસાધનોનો ઉપયોગ કરવા તકનીકીઓ અને ક્ષમતાઓનો વિકાસ
8. દરિયાઈ પ્રદૂષણ ઘટાડવા માટેની પ્રવૃત્તિઓ

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## ઈન્ડિયન ઓશન રિજન કોન્કલેવમાં ઉપસ્થિત રહેલા દેશો

આ કોન્કલેવમાં <u>**કુલ 18 દેશોએ**</u> ભાગ લીધો હતો.

- આ પૈકી કોમોરોઝ, માલદીવ, મેડાગાસ્કર અને ઈરાનના સંરક્ષણ પ્રધાનોએ આ સંમેલનમાં ભાગ લીધો હતો. ઓસ્ટ્રેલિયા, કેન્યા, મ્યાનમાર, કુવૈત, મોરેશિયસ અને સેશેલ્સ જેવા 6 દેશોના રાજદૂતો એ આ સંમેલનમાં ભાગ લીધો હતો. તેમજ અન્ય દેશોના વિવિધ અધિકારીઓ આ કોન્કલેવમાં ઉપસ્થિત રહયા હતા.

1. તાજેતરમાં નંદાદેવી ગ્લેશિયર તૂટતા જળપ્રલયમાં ભારે નુકસાની થઈ હતી, આ નંદાદેવી ગ્લેશિયર કયા રાજ્યમાં આવેલ છે ?
(A) હિમાચલ પ્રદેશ (B) ઉત્તરાખંડ (C) ઉત્તરપ્રદેશ (D) સિક્કિમ (B)

2. તાજેતરમાં નંદાદેવી ગ્લેશિયર તૂટતા કઈ નદીઓમાં ભારે પૂર આવ્યું હતું ?
1. ધૌલીગંગા 2. અલકનંદા 3. ઋષિગંગા 4. યમુના
(A) 1, 2, 3, 4 (B) 2, 3, 4 (C) 1, 2, 3 (D) 1, 4 (C)

3. નંદાદેવી ગ્લેશિયર તૂટતા કયો હાઈડ્રો પ્રોજેકટ સંપૂર્ણપણે પૂર અને કાટમાળના પ્રવાહમાં તણાઈ ગયો હતો ?
(A) ઋષિગંગા હાઈડ્રો પ્રોજેકટ (B) અલકનંદા હાઈડ્રો પ્રોજેકટ
(C) ધૌલીગંગા હાઈડ્રો પ્રોજેકટ (D) નંદાકિની હાઈડ્રો પ્રોજેકટ (A)

4. સ્નો એન્ડ એવલાન્ચ સ્ટડી એસ્ટાબ્લિશમેન્ટ (SASE) કઈ સંસ્થા અંતર્ગત કાર્યરત નોડલ એજન્સી છે ?
(A) ISRO (B) વિજ્ઞાન ભવન કાર્યાલય
(C) BARC (D) DRDO (D)

5. અલકનંદા નદીના મુખ્ય ઉદ્દગમ તરીકે કયા ગ્લેશિયરને ઓળખવામાં આવે છે ?
(A) કાન્ગ્ટો ગ્લેશિયર (B) રીમો ગ્લેશિયર
(C) સત્તોપંથ ગ્લેશિયર (D) નૂબ્રા ગ્લેશિયર (C)

6. વિવિધ પાંચ પ્રયાગ બાબતે ખોટો વિકલ્પ જણાવો ?
(A) ધૌલીગંગા + અલકનંદા = વિષ્ણુપ્રયાગ
(B) નંદાકિની + અલકનંદા = નંદપ્રયાગ
(C) પિંડર + અલકનંદા = કર્ણપ્રયાગ
(D) મંદાકિની + અલકનંદા = દેવપ્રયાગ (D)

7. લાઈટ કોમ્બેટ એરક્રાફટના ઉત્પાદન માટેના નવા પ્લાન્ટનું ઉદ્દઘાટન કેન્દ્રીય સંરક્ષણ પ્રધાનશ્રી રાજનાથસિંહે કયા કર્યું હતું ?
(A) મુંબઈ (B) નાગપુર (C) કાનપુર (D) બેંગાલુરુ (D)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

8. લાઈટ કોમ્બેટ એરક્રાફટના ઉત્પાદન માટેના નવા પ્લાન્ટનું ઉદ્‌ઘાટન તાજેતરમાં સંરક્ષણ પ્રધાન શ્રી દ્વારા કઈ સંસ્થાના કેમ્પસમાં કરવામાં આવ્યું હતું ?

(A) ભારત ઈલેકટ્રોનિકસ લિમિટેડ (BEL)

(B) ભારત હેવી ઈલેક્ટ્રિકલ્સ લિમિટેડ (BHEL)

(C) હિન્દુસ્તાન એરોનોટિકસ લિમિટેડ (HAL)

(D) ભાભા એટોમિક રિસર્ચ સેન્ટર (BARC) (C)

9. તેજસ લાઈટ કોમ્બેટ એરક્રાફ્ટ (LCA) વિશે સાચું વિધાન/વિધાનો જણાવો ?

1. તેજસ LCAનું નિર્માણ DRDO તથા HAL દ્વારા કરવામાં આવ્યું છે.

2. તેની ડિઝાઈન એરક્રાફ્ટ ડેવલપમેન્ટ એજન્સી (ADA) દ્વારા કરવામાં આવી છે.

3. તે ચોથી જનરેશનનું સિંગલ એન્જિન ધરાવતું મલ્ટિરોલ ફાઈટર વિમાન છે.

4. તેની રેન્જ 3,000 કિ.મી. છે. તેમજ તેનું વજન 6,500 કિલોગ્રામ છે.

(A) 1, 2 (B) 2, 3, 4 (C) 1, 2, 3, 4 (D) 2, 3 (C)

10. ભારત દ્વારા તાજેતરમાં હિંદ મહાસાગર ક્ષેત્રના સંરક્ષણ પ્રધાનોની કોન્કલેવનું આયોજન કરવામાં આવ્યું હતું, આ કોન્કલેવમાં કુલ કેટલા દેશોએ ભાગ લીધો હતો ?

(A) 18 (B) 19 (C) 20 (D) 21 (A)

11. હિંદ મહાસાગર ક્ષેત્રના સંરક્ષણ પ્રધાનોની કોન્કલેવનું આયોજન કઈ થીમ અંતર્ગત કરવામાં આવ્યું હતું ?

(A) Enhanced Peace, Security and Cooperation in the Indian Ocean

(B) Enhanced Security, Peace and Cooperation in Indian Ocean

(C) Sharing the Indian Ports with friendly nations

(D) Marine Pollution Response Activities (A)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## કર્ણાટકમાં લિથિયમનો જથ્થો મળી આવ્યો

કેન્દ્ર સરકારે **કર્ણાટકના મંડયા જિલ્લામાં 1600 ટન લિથિયમ**નો જથ્થો હોવાની લોકસભામાં લેખિત જવાબમાં પુષ્ટિ કરી હતી. જો કે, આ ક્ષેત્રમાં લિથિયમની માત્રા અંગે વધુ પુષ્ટિ સમગ્ર વિસ્તારમાં પરીક્ષણ કર્યા પછી જ થઈ શકે છે.

- આ અંગેનો સર્વે એટોમિક મિનરલ્સ ડિરેક્ટોરેટ ફોર એક્સપ્લોરેશન એન્ડ રિસર્ચ (AMD) દ્વારા હાથ ધરવામાં આવ્યો હતો.
- AMDએ **કેન્દ્રીય પરમાણુ ઊર્જા** વિભાગ અંતર્ગત કાર્ય કરતી સંસ્થા છે.

### લિથિયમ વિશે

લિથિયમની **રાસાયણિક સંજ્ઞા 'Li'** છે તેમજ તેનો **પરમાણુ ક્રમાંક '3'** છે.

- તે એક **નરમ, ચળકતી સફેદ ધાતુ** છે.
- ઘણાં **પિગ્મેટાઈટ ખનિજ**માં લિથિયમ મળી આવે છે.
- તે **સિરામિક્સ, ટેલિકમ્યુનિકેશન, ગ્લાસ અને એરોસ્પેસ ઉદ્યોગોમાં** ઉપયોગી છે.
- લિથિયમના અન્ય જાણીતા ઉપયોગો મોબાઈલ ફોન, લિથિયમ આયન બેટરીમાં, રોકેટ પ્રોપેલન્ટમાં તેમજ લ્યુબ્રિકેટીંગ ગ્રીસમાં થાય છે.
- પરમાણુ રિએક્ટરના ફ્યુઝન રિએક્શનમાં પણ તેનો ઉપયોગ થાય છે.
- લિથિયમ આયન બેટરીઓની માંગમાં વધારો થવાના કારણે સમયની સાથે લિથિયમની જરૂરિયાતમાં પણ વધારો થયો છે.
- ઈલેક્ટ્રિક બેટરી સપ્લાય અને અન્ય લિથિયમ આધારિત ઉપકરણો માટે ભારત જાપાન ચીન અને તાઈવાન જેવા દેશો પર વધારે આધાર રાખે છે.
- લિથિયમ એક દુર્લભ તત્ત્વ છે અને તે ભારતમાં જોવા મળતું નથી.

### ભારતનો પ્રથમ લિથિયમ પ્લાન્ટ

**ભારતની પ્રથમ લિથિયમ રિફાઈનરી ગુજરાતમાં સ્થાપિત થવાની** છે.

- **સૌથી મોટી પાવર ટ્રેડિંગ અને રિન્યુએબલ એનર્જી કંપની**, **મણિકરણ પાવર લિમિટેડ** ભારતની પ્રથમ લિથિયમ રિફાઈનરી સ્થાપવા માટે ગુજરાતમાં **રૂ. 1,000 કરોડ**નું રોકાણ કરશે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

- આ રિફાઈનરી માટે લિથિયમની કાચીધાતુ ઓસ્ટ્રેલિયાથી આયાત થવાની છે.
- નિયોમેટલ્સ (ઓસ્ટ્રેલિયન કંપની) અને મણિકરણ પાવર લિમિટેડે ભારતમાં લિથિયમ ઉત્પાદન માટે કરાર કર્યા છે.

### ટોચના લિથિયમ ઉત્પાદક દેશો

વિશ્વના સૌથી વધુ લિથિયમ ઉત્પાદક દેશોમાં ઓસ્ટ્રેલિયા, ચિલી, ચીન, આર્જેન્ટિના ઝિમ્બાબ્વે અને પોર્ટુગલનો સમાવેશ થાય છે.

- AMDએ **કેન્દ્રીય પરમાણુ ઊર્જા** વિભાગ અંતર્ગત કાર્ય કરતી સંસ્થા છે.

## પંડિત ભીમસેન જોશીની જન્મ શતાબ્દી ઉજવણીનો પ્રારંભ



સુપ્રસિદ્ધ **શાસ્ત્રીય ગાયક પંડિત ભીમસેન જોશી**ની જન્મ શતાબ્દીની ઉજવણીની શરૂઆત **4 ફેબ્રુઆરી, 2021**થી શરૂ કરવામાં આવીછે.

- પંડિત ભીમસેન જોશીની જન્મ શતાબ્દી ઉજવણી આખા વર્ષ દરમિયાન ચાલુ રહેશે.
- **ધ ઋત્વિક ફાઉન્ડેશન ફોર પર્ફોર્મિંગ આર્ટ્સ** દ્વારા પંડિત ભીમસેન જોશીના સંગીત વારસાને યાદગાર બનાવવા માટે મુંબઈમાં **'સ્વરભાસ્કર 100'** નામના બે દિવસીય કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.
- આ પ્રસંગે ફિલ્મ્સ ડિવીઝન ઓફ ઈન્ડિયા ગુલઝાર દ્વારા પંડિત ભીમસેન જોશી પર એક બાયોપિક પ્રદર્શિત કરવામાં આવી હતી.
- આ કાર્યક્રમ ઉપરાંત **આર્ય સંગીત પ્રસારક મંડળ** દ્વારા **'અભિવાદન'** નામના સંગીત કાર્યક્રમનું આયોજન પણ કરવામાં આવ્યું હતું.
- આ અભિવાદન કાર્યક્રમનું આયોજન પૂણેના ગણેશ કલા ક્રિડા ખાતે કરવામાં આવ્યું હતું.

### પંડિત ભીમસેન જોશી વિશે

પંડિત ભીમસેન જોશીનો જન્મ 4 ફેબ્રુઆરી, 1922ના રોજ **કર્ણાટકના ગડગ** ખાતે થયો હતો.

- તેમનું નિધન 24 જાન્યુઆરી, 2011ના રોજ મહારાષ્ટ્રના પૂણે ખાતે થયું હતું.
- તેઓના પિતાનું નામ **ગુરુરાજ જોશી** હતું.
- પંડિત ભીમસેન જોશી **હિંદુસ્તાની શાસ્ત્રીય સંગીત પરંપરા**ના એક ભારતીય ગાયક હતા.
- તેઓ **ખયાલ પ્રકારના સંગીત** અને **ભકિત સંગીત** માટે પ્રખ્યાત હતા.

ICE INSTITUTE FOR COMPETITIVE E

- તેઓ હિંદુસ્તાની શાસ્ત્રીય સંગીતના **'કિરાના ઘરાના'** સાથે સંકળાયેલા હતા.
- વર્ષ 1964થી 1982માં તેમણે વિવિધ કોન્સર્ટ માટે અફઘાનિસ્તાન, ફ્રાંસ, ઈટાલી, અમેરિકા અને કેનેડા જેવા દેશોની મુલાકાત લીધી હતી.
- તેઓ **વાર્ષિક સવાઈ ગાંધર્વ સંગીત મહોત્સવનું આયોજન** પણ કરતા હતા. આ મહોત્સવનું આયોજન તેઓ તેમના **ગુરૂ પંડિત સવાઈ ગંધર્વ**ને અંજલિ આપવા માટે કરતા હતા.

## પંડિત ભીમસેન જોશીને મળેલા સન્માનો

**વર્ષ 2009**માં તેમને ભારતના સર્વોચ્ચ સન્માન **'ભારત રત્ન'**થી નવાજવામાં આવ્યા હતાં.

- વર્ષ 1998માં તેમને **સંગીત નાટક અકાદમી ફેલોશીપથી** નવાજવામાં આવ્યા હતા. સંગીત નાટક અકાદમી દ્વારા આપવામાં આવતો આ સર્વોચ્ચ સન્માન છે.
- આ સિવાય તેઓને પદ્મવિભૂષણ, પદ્મભૂષણ, પદ્મશ્રી અને મહારાષ્ટ્રભૂષણ જેવા અનેક સન્માનો પ્રાપ્ત થયા હતા.

ICE ® INSTITUTE FOR COMPETITIVE EXAMS

## હિંદુસ્તાની શાસ્ત્રીય સંગીત

તે ઉત્તર ભારતનું શાસ્ત્રીય સંગીત છે. તેને **'ઉત્તર ભારતીય શાસ્ત્રીય સંગીત'** અથવા **'શાસ્ત્રીય સંગીત'** તરીકે પણ ઓળખવામાં આવે છે.

- શાસ્ત્રીય સંગીતની ઉત્પત્તિ 12મી સદી અગાઉ થઈ હોવાનું માનવામાં આવે છે.
- તત્કાલીન સમયે રાજદરબારો સંગીતકળાના મુખ્ય સંરક્ષક બન્યા હતા.

## ઘરાના

ભારતીય શાસ્ત્રીય સંગીતની બે મુખ્ય શૈલીઓમાં **હિંદુસ્તાની શૈલી** અને **કર્ણાટક શૈલી**નો સમાવેશ થાય છે.

- **'ઘરાના'** શબ્દનો અર્થ **ભારતીય શાસ્ત્રીય સંગીત**ની **હિંદુસ્તાની શૈલી** હેઠળની **પેટા શૈલીનો સંદર્ભ** આપે છે.
- હિંદુસ્તાની શૈલી અંતર્ગત **આગ્રા ઘરાના**, **ગ્વાલિયર ઘરાના**, **જયપુર ઘરાના**, **કિરાના ઘરાના** અને **મેવાતી ઘરાના** જેવા વિવિધ ઘરાનાનો સમાવેશ થાય છે.

### કિરાના ઘરાના વિશે

કિરાના ઘરાનાનો ઉદ્દભવ **ઉત્તરપ્રદેશના મુઝફ્ફરનગર** જિલ્લાના **કૈરાના કસબાના** નામ પરથી થયો હોવાનું માનવામાં આવે છે.

- તે **ઉસ્તાદ અબ્દુલ કરીમ ખાંનું** જન્મસ્થાન પણ છે.
- ઉસ્તાદ અબ્દુલ કરીમ ખાં ને **કિરાના ઘરાનાના વાસ્તવિક સંસ્થાપક** માનવામાં આવે છે.
- કિરાના ઘરાના **હિંદુસ્તાની ખયાલ ગાયકી** માટે પ્રખ્યાત છે.

## 'ગોબરધન' અંતર્ગતની પ્રવૃત્તિઓની દેખરેખ માટે એકીકૃત વેબ પોર્ટલ શરૂ કરવામાં આવ્યું

**કેન્દ્રીય કૃષિમંત્રી શ્રી નરેન્દ્રસિંહ તોમર**, **કેન્દ્રીય જલ શકિત પ્રધાન શ્રી ગજેન્દ્રસિંહ શેખાવત**, **જલ શકિત રાજ્ય મંત્રી શ્રી રતનલાલ કટારીયા**, **કેન્દ્રીય પેટ્રોલિયમ પ્રધાન શ્રી ધર્મેન્દ્રપ્રધાન** અને **પશુપાલન મંત્રી શ્રી ગિરિરાજસિંહે** સંયુક્ત રીતે એકીકૃત વેબપોર્ટલ શરૂ કર્યું છે.

- આ વેબ પોર્ટલનો ઉપયોગ ભારતમાં **'ગોબર ધન'** પ્રવૃત્તિઓની પ્રગતિ પર નજર રાખવા માટે કરવામાં આવશે.

### મુખ્ય બાબતો

**ઓર્ગેનિક સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ** માટે **સ્વચ્છ ભારત મિશન ફેઝ-2**માં **'ગોબરધન' પ્રવૃત્તિઓ મુખ્ય ઘટક** છે.

- કેન્દ્રીય કૃષિપ્રધાનશ્રીએ જણાવ્યું હતું કે સ્વચ્છ ભારત મિશન (ગ્રામીણ)ના બીજા તબક્કામાં ODF (Open Defecation free) પ્લસ લક્ષ્ય 'ગોબરધન' યોજના પર આધારીત રહેશે.
- આ પહેલ નક્કર કચરા વ્યવસ્થાપનના પડકારોને દૂર કરશે અને લોકોની આજીવિકાની તકોમાં પણ વધારો કરશે.
- 'ગોબર ધન' કાર્યક્રમ લોકોને ગોબરના યોગ્ય નિકાલ અને ODF પ્લસના લક્ષ્યોને પ્રાપ્ત કરવામાં મદદરૂપ થશે.
- આ ઈવેન્ટ દરમિયાન કેન્દ્રીય પેટ્રોલિયમ પ્રધાન શ્રી ધર્મેન્દ્ર પ્રધાને જણાવ્યું હતું કે ગોબરધન યોજના દ્વારા લોકોને ભવિષ્યમાં ઈથેનોલ, બાયોડીઝલ અને કોમ્પ્રેસ્ડ બાયોફ્યુઅલ મળશે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ગોબરધન યોજના વિશે

GOBAR-DHANનું પૂરું નામ **'Galvanizing Organic Bio-Agro Resources -DHAN** છે.

- આ યોજના **કેન્દ્રીય જલશક્તિ મંત્રાલય** દ્વારા લોન્ચ કરવામાં આવી છે.
- આ યોજના **સ્વચ્છ ભારત મિશન (ગ્રામીણ)**ના ભાગરૂપે લાગુ કરવામાં આવી રહી છે.
- આ યોજના અંતર્ગત ગામડાઓમાં સ્વચ્છતા વધારવા તેમજ ગ્રામીણ ઘરોની આવક વધારવા પર ધ્યાન કેન્દ્રીત કરવામાં આવી રહયું છે.
- પશુઓના જૈવિક કચરામાંથી ઊર્જા ઉત્પન્ન કરવાનો પ્રયાસ પણ આ યોજના અંતર્ગત કરવામાં આવી રહયો છે.

## સ્વચ્છ ભારત મિશન (ગ્રામીણ) વિશે

આ મિશન અંતર્ગત ગામોને સ્વચ્છ બનાવવા માટે **મુખ્ય બે ઘટકો**નો સમાવેશ કરવામાં આવ્યો છે.

- તેના અંતર્ગત ગામોને **ખુલ્લામાં શૌચ મુક્ત બનાવવુ** અને **ગામોમાં નક્કર અને પ્રવાહી કચરાનું સંચાલન** કરવાનો સમાવેશ થાય છે.
- આ યોજના અંતર્ગત અત્યાર સુધીમાં **3.5 લાખ ગામો**, **374 જિલ્લાઓ** અને **16 રાજ્યો** અથવા **કેન્દ્રશાસિત પ્રદેશોને ખુલ્લામાં શૌચ મુક્ત (ODF)** જાહેર કરવામાં આવ્યા છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## સ્વચ્છ ભારત મિશન (ગ્રામીણ-તબક્કો 2)

**સ્વચ્છ ભારત મિશન (ગ્રામીણ)ના બીજા તબક્કાને એક વર્ષ** અગાઉ **ફેબ્રુઆરી 2020**માં **કેન્દ્રીય કેબિનેટ દ્વારા મંજૂરી** આપવામાં આવી હતી.

- સ્વચ્છ ભારત મિશન (ગ્રામીણ)નો તબક્કો–2 એ **ખુલ્લામાં શૌચ મુક્ત પ્લસ** પર ધ્યાન કેન્દ્રીત કરવા માટેનો છે.



1. તાજેતરમાં લોકસભામાં કયા રાજ્યની અંદર લિથિયમનો જથ્થો હોવાની વાતની પુષ્ટિ કરવામાં આવી હતી ?

(A) કર્ણાટક (B) બિહાર (C) તેલંગાણા (D) રાજસ્થાન **(A)**

2. લિથિયમ વિશે સાચું વિધાન / વિધાનો જણાવો ?

1. લિથિયમ એ એક નરમ, ચળકતી સફેદ ધાતુ છે.
2. ઘણાં પિગ્મેટાઈટ ખનિજમાં લિથિયમ મળી આવે છે.
3. સામાન્ય રીતે આ ખનીજ ભારતમાં જોવા મળતું નથી.

(A) 1, 2, 3 (B) 1, 2 (C) 2, 3 (D) 1, 3 **(A)**

3. લિથિયમનો ઉપયોગ વિશે સાચાં વિકલ્પો પસંદ કરો ?

1. સિરામિકસ ઉદ્યોગ
2. એરોસ્પેસ ઉદ્યોગ
3. ફયુઝન રિએકશનમાં
4. મોબાઈલ ફોનમાં

(A) 1, 2, 3 (B) 2, 3 (C) 1, 2, 3, 4 (D) 1, 4 **(C)**

4. ભારતનો પ્રથમ લિથિયમ પ્લાન્ટ કયા રાજ્યમાં સ્થાપવામાં આવશે ?

A) મહારાષ્ટ્ર (B) રાજસ્થાન (C) કર્ણાટક (D) ગુજરાત **(D)**

5. તાજેતરમાં કયા સુપ્રસિદ્ધ શાસ્ત્રીય ગાયકની જન્મ શતાબ્દીની ઉજવણી કરવામાં આવી રહી છે ?

(A) પંડિત ભીમસેન જોશી (B) વિષ્ણુ નારાયણ ભાતખંડે
(C) શ્રી ઓમકારનાથ ઠાકુર (D) પંડિત સવાઈ ગંધર્વ **(A)**

6. પંડિત ભીમસેન જોશીની જન્મ શતાબ્દીની ઉજવણી વિશે સાચું વિધાન/વિધાનો જણાવો ?

1. તેઓની જન્મ શતાબ્દીની ઉજવણીની શરૂઆત 4 ફેબ્રુઆરી, 2021થી કરવામાં આવી.
2. ધ ઋત્વિક ફાઉન્ડેશન ફોર પર્ફોર્મિંગ આર્ટ્સ દ્વારા પંડિત ભીમસેન જોશીના સંગીત વારસાને યાદગાર બનાવવા માટે મુંબઈમાં 'સ્વરભાસ્કર 100' નામના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.
3. આર્ય સંગીત પ્રસારક મંડળ દ્વારા 'અભિવાદન' નામના સંગીત કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

(A) 1, 2 (B) 2, 3 (C) 1, 3 (D) 1, 2, 3 **(D)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

7. પંડિત ભીમસેન જોશી વિશે સાચું વિધાન / વિધાનો જણાવો ?

1. તેઓ ખયાલ પ્રકારના સંગીત અને ભકિત સંગીત માટે પ્રખ્યાત હતા.

2. તેઓ હિંદુસ્તાની શાસ્ત્રીય સંગીતના 'કિરાના ઘરાના' સાથે સંકળાયેલ હતા.

3. તેઓ તેમના ગુરૂ પંડિત સવાઈ ગંધર્વને અંજલિ આપવા માટે વાર્ષિક સવાઈ ગંધર્વ સંગીત મહોત્સવનું આયોજન કરતા હતા.

4. તેઓને ભારતરત્ન પુરસ્કાર પણ આપવામાં આવેલ છે.

(A) 1, 2, 3 (B) 2, 3, 4 (C) 1, 2, 4 (D) 1, 2, 3, 4 **(D)**

---

8. કિરાના ઘરાનાના વાસ્તવિક સંસ્થાપક કોને માનવામાં આવે છે ?

(A) પંડિત ભીમસેન જોશી (B) ઉસ્તાદ અબ્દુલ કરીમ ખાં

(C) પંડિત સવાઈ ગંધર્વ (D) અમજદ અલી ખાન **(B)**

---

9. 'GOBAR-DHAN' વિશે સાચું વિધાન / વિધાનો જણાવો ?

1. તેનું પૂરું નામ 'Galvanizing Organic Bio - Agro Resources' છે.

2. તે કેન્દ્રીય જલ શક્તિ મંત્રાલય અંતર્ગત લોન્ચ કરવામાં આવેલ છે.

3. આ યોજના સ્વચ્છ ભારત મિશન (ગ્રામીણ)ના ભાગરૂપે લાગુ કરવામાં આવી રહી છે.

(A) 1, 2, 3 (B) 1, 3 (C) 1, 2 (D) 1, 4 **(A)**

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

## દિવસ મહિમા : 10 ફેબ્રુઆરી, વિશ્વ કઠોળ દિવસ (World Pulses Day)

સમગ્ર વિશ્વમાં કઠોળના મહત્ત્વ અંગે જાગૃતિ ફેલાવવા માટે દર વર્ષે **10 ફેબ્રુઆરી**ના રોજ **'વિશ્વ કઠોળ દિવસ (World Pulses Day)'**ની ઉજવણી કરવામાં આવે છે.

- યુનાઈટેડ નેશન્સના **Food and Agriculture Organisation (FAO)** દ્વારા આ દિવસની સ્થાપના કરવામાં આવી હતી.
- આ અંતર્ગત **10 ફેબ્રુઆરી 2019**ના રોજ **પ્રથમ 'વિશ્વ કઠોળ દિવસ'**ની ઉજવણી કરવામાં આવી હતી.
- વિશ્વ કઠોળ દિવસ **2021ની થીમ 'Nutritious seeds for a sustainable Future'** છે.

## રાજ્યસભાના સભ્ય તરીકે શ્રી ગુલામનબી આઝાદની નિવૃત્તિ

તાજેતરમાં રાજ્યસભામાં કોંગ્રેસના દિગ્ગજ નેતા શ્રી ગુલામનબી આઝાદ સહિત ચાર સાંસદોનો કાર્યકાળ પૂર્ણ થતા તેઓને વિદાય આપવામાં આવી હતી.

- રાજ્યસભા આ ચાર સાંસદોમાં **શ્રી ગુલામનબી આઝાદ**, **શ્રીનઝીર અહેમદ લવાય**, **શ્રી મોહમ્મદ ફયાઝ અને શ્રી શમશેર સિંહ મન્હાસ**નો સમાવેશ થાય છે.
- આ તમામ સાંસદોના વિદાય પ્રસંગે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ પોતાના પ્રવચનમાં શ્રી ગુલામનબી આઝાદના વ્યક્તિત્વ અને કામગીરીને આગવી રીતે બિરદાવી હતી અને ભાવુક બન્યા હતા.
- શ્રી ગુલામનબી આઝાદે **જમ્મુ કાશ્મીર**ના **સાતમા મુખ્યમંત્રી** તરીકે પણ સેવા આપેલ છે તેમજ તેઓ **કેન્દ્રીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રી** પણ રહી ચૂકયા છે.
- વર્તમાનમાં તેઓ **રાજ્યસભામાં વિપક્ષના નેતા** તરીકે સેવારત હતા.

### રાજ્યસભા

ભારતીય બંધારણના **અનુચ્છેદ 80** અંતર્ગત **રાજ્યસભાની રચના** અંગે જોગવાઈ કરવામાં આવી છે.

- આ જોગવાઈ અનુસાર ભારતમાં રાજ્યસભાના સભ્યોની **મહત્તમ સંખ્યા 250** સુધી રાખી શકાય છે.

JOIN WHATSAPP GROUP joinicerajkot.com

- જોકે, ભારતમાં હાલ રાજ્યસભાના સભ્યોની સંખ્યા **245** છે.
- આ 245 સભ્યોમાંથી 12 સભ્યોની કલા, સાહિત્ય વિજ્ઞાન, સમાજસેવા જેવા ક્ષેત્રોમાંથી **રાષ્ટ્રપતિ** દ્વારા નિમણૂક કરવામાં આવે છે.
- આથી ભારતમાં હાલ **245-12 = 233** સભ્યો રાજ્યસભામાં **ચૂંટાઈને** આવે છે.
- જોકે, આ સંખ્યા વધારીને **મહત્તમ 238** સુધી કરી શકાય છે. (238 + 12 રાષ્ટ્રપતિ દ્વારા નિમણૂક = 250 કુલ મહત્તમ સંખ્યા)

**ભારતમાં રાજ્યસભાની સભ્ય સંખ્યા**

| ક્રમ | વિશેષતા | સંખ્યા |
|---|---|---|
| 1 | કુલ મહત્તમ સભ્ય સંખ્યા | 250 |
| 2 | હાલમાં કુલ સભ્ય સંખ્યા | 245 |
| 3 | રાષ્ટ્રપતિ દ્વારા મહત્તમ નિમણૂક | 12 |
| 4 | હાલમાં રાષ્ટ્રપતિ દ્વારા નિમણૂક | 12 |
| 5 | ચૂંટણી દ્વારા મહત્તમ નિમણૂક | 238 |
| 6 | હાલમાં ચૂંટણી દ્વારા નિમણૂક | 233 |

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

## રાજ્યસભાની બેઠકોની વહેંચણી

ભારતમાં કયા રાજ્યમાંથી રાજ્યસભાની કેટલી બેઠકો હશે એ નક્કી કરવા માટે **'સમાન પ્રતિનિધિત્વના સિદ્ધાંત'**ને નહિ, પરંતુ **વસતીને આધાર** બનાવવામાં આવ્યો છે.

- એટલે કે ભારતમાં જે તે રાજ્યની વસતીને આધારે રાજ્યસભાના સભ્યોની સંખ્યા નક્કી કરવામાં આવી છે.
- ભારતમાં હાલ રાજ્યસભામાં સભ્યોની સંખ્યા **1971**ની વસતી ગણતરી આધારિત છે. જેમાં વર્ષ **2026** સુધી કોઈ ફેરફાર થશે નહિ.
- વસતીને આધારે રાજ્યસભામાં સભ્યોની સંખ્યા નીચેની રીતે નક્કી કરવામાં આવી છે :
  (1) દરેક રાજ્યની **પ્રથમ 50 લાખ**ની વસતી સુધી **દર 10 લાખ** વ્યક્તિએ **1 સભ્ય**
  (2) અને પ્રથમ 50 લાખ બાદ **દર 20 લાખ** વ્યક્તિએ **1 સભ્ય**
- ભારતીય બંધારણની **ચોથી અનુસૂચિ**માં ભારતના રાજ્યો તથા કેન્દ્ર શાસિત પ્રદેશોને ફાળવવામાં આવેલી **રાજ્યસભાની બેઠકોની યાદી** આપવામાં આવી છે.

- આ યાદી અનુસાર ભારતમાં રાજ્યસભામાં સૌથી વધુ સંખ્યા <u>ઉત્તરપ્રદેશ</u>માં <u>31</u> છે.
- જ્યારે <u>ગુજરાત</u> ઉપરાંત <u>મધ્યપ્રદેશ</u> અને <u>આંધ્રપ્રદેશ</u>માં રાજ્યસભાના સભ્યોની સંખ્યા <u>11-11</u> છે.
- ભારતમાં રાજ્યસભાના સૌથી વધુ સભ્યો ધરાવતા પ્રથમ ત્રણ રાજ્યો આ પ્રમાણે છે : (1) <u>ઉત્તરપ્રદેશ</u> (31), (2) <u>મહારાષ્ટ્ર</u> (19), (3) <u>તમિલનાડુ</u> (18).
- ભારતના વિવિધ રાજ્યોમાંથી રાજ્યસભાના સભ્યોની **<u>સૌથી ઓછી</u>** સંખ્યા પૂર્વોત્તરના **<u>'સેવન સિસ્ટર્સ'</u>** તરીકે ઓળખાતા સાત રાજ્યો – અરૂણાચલપ્રદેશ, સિક્કિમ, ત્રિપુરા, મેઘાલય, મણિપુર, મિઝોરમ અને નાગાલેન્ડ ઉપરાંત <u>ગોવા</u>માં <u>1-1</u> છે.

## રાજ્યસભાના સભ્ય બનવા માટેની યોગ્યતા

ભારતમાં રાજ્યસભાના સભ્ય બનવા માટે કેટલીક શરતોનું પાલન થવું જરૂરી છે. જેમ કે,

(1) તેઓ **<u>ભારતના નાગરિક</u>** હોવા જોઈએ.

(2) તેમની ઉંમર ઓછામાં ઓછી <u>30 વર્ષ</u> હોવી જોઈએ.

(3) તેઓ કોઈ **<u>'લાભના પદ' (Office of Profit)</u>** પર ન હોવા જોઈએ. (જો કોઈ વ્યક્તિ રાજ્ય કે કેન્દ્રશાસિત પ્રદેશમાં મંત્રી પદે હોય તો તેને 'લાભનું પદ' માનવામાં આવતું નથી.)

(4) તેઓ **<u>દેવાળિયા</u>** કે **<u>વિકૃત મગજના</u>** ન હોવા જોઈએ.

(5) આ ઉપરાંત વખતો વખત <u>સંસદ</u> દ્વારા જો કોઈ યોગ્યતા નક્કી કરવામાં આવી હોય તો તે તેઓ ધરાવતા હોવા જોઈએ.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## રાજ્યસભાના સભ્યોનો કાર્યકાળ

ભારતીય બંધારણના **<u>અનુચ્છેદ 83</u>** અનુસાર ભારતમાં રાજ્યસભા એ **<u>કાયમી ગૃહ</u>** છે. આથી તેનું વિસર્જન થતું નથી.

- આમ છતાં, ભારતમાં **<u>રાજ્યસભાના સભ્યો</u>**નો કાર્યકાળ <u>6 વર્ષ</u>નો હોય છે.
- ભારતમાં રાજ્યસભા કાયમી ગૃહ છે, પરંતુ તેના સભ્યો કાયમી હોતા નથી.
- ભારતમાં <u>દર 2 વર્ષે</u> રાજ્યસભાના **<u>1/3 સભ્યો નિવૃત્ત</u>** થાય છે અને એટલા જ સભ્યો નવા ચૂંટાય છે.

## રાજ્યસભાના સભ્યોની ચૂંટણી

ભારતમાં **રાષ્ટ્રપતિ**, **ઉપરાષ્ટ્રપતિ** તથા **રાજ્યસભા** અને **વિધાન પરિષદના સભ્યોની** ચૂંટણી **'સપ્રમાણ પ્રતિનિધિત્વ (Proportional Representation)'**ના સિદ્ધાંત અનુસાર થાય છે.

- આ અંતર્ગત રાજ્યની વિધાનસભાના ચૂંટાયેલા સભ્યો **'સપ્રમાણ પ્રતિનિધિત્વની પદ્ધતિ'** અનુસાર **'એકલ સંક્રમણીય મત' (Single Transferable Vote)**ના આધારે રાજ્યસભાના સભ્યોની પસંદગી કરે છે.

## Open ballot System

ભારતમાં અગાઉ રાજ્યસભાના સભ્યોની ચૂંટણી માટે **ગુપ્ત મતદાન (Secret Ballot)** થતું હતું.

- પરંતુ વર્ષ **2003**માં **'લોક પ્રતિનિધિત્વ અધિનિયમ, 1951'**માં **સુધારો કરીને** **સંસદે** રાજ્યસભાના સભ્યોની ચૂંટણી માટે **ગુપ્ત મતદાન**ની જગ્યાએ **ખુલ્લા મતદાનની વ્યવસ્થા (Open Ballot System)** સ્વીકારી છે.
- આથી, હાલ ભારતમાં રાજ્યસભાની ચૂંટણીમાં **ગુપ્ત મતદાન** નહિ, પરંતુ **ખુલ્લું મતદાન** થાય છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## શું ભારતનો નાગરિક કોઈપણ રાજ્યમાંથી રાજ્યસભાની ચૂંટણી લડી શકે છે ?

ભારતમાં અગાઉ **'લોક પ્રતિનિધિત્વ અધિનિયમ 1951'** અંતર્ગત એવી જોગવાઈ કરવામાં આવી હતી કે, રાજ્યસભાનો ઉમેદવાર જે રાજ્યમાંથી ચૂંટણી લડતો હોય તે રાજ્યનો નિવાસી હોવો જોઈએ, અને એ રાજ્યની મતદાર યાદીમાં તેનું નામ નોંધાયેલું હોવું જોઈએ.

- પરંતુ વર્ષ **2003**માં **'લોક પ્રતિનિધિત્વ અધિનિયમ, 1951'**માં **સુધારો કરીને સંસદે** સ્થાનિક નિવાસ સંબંધી આ શરત હટાવી દીધી છે.
- આથી, ભારતમાં હવે **એક રાજ્યનો વ્યક્તિ બીજા રાજ્યમાંથી રાજ્યસભાની ચૂંટણી લડી શકે છે.**

**ICE FACTS :**

(1) ભારતમાં રાજ્યસભાના સભ્યની ચૂંટણી લડવા માટે ઓછામાં ઓછા <u>10 વિધાનસભ્યો</u> દ્વારા તેમના નામનો પ્રસ્તાવ રજૂ થયેલો હોવો જરૂરી છે.

(2) રાજ્યસભાના સભ્ય હોદ્દાના શપથ <u>રાજ્યસભાના અધ્યક્ષ</u> પાસેથી લે છે. પરંતુ ઉપરાષ્ટ્રપતિ પાસેથી નહિ.

## ભારત અને યુ.એસ. વચ્ચે સંયુક્ત સૈન્ય લશ્કરી કવાયત 'યુદ્ધ અભ્યાસ'નું આયોજન રાજસ્થાનમાં કરવામાં આવ્યું

ભારત અને યુ.એસ. વચ્ચે તાજેતરમાં સંયુક્ત લશ્કરી કવાયત <u>'યુદ્ધ અભ્યાસ 2021'</u>નું આયોજન <u>રાજસ્થાનના મહાજન ફિલ્ડ ફાયરિંગ રેન્જ</u> ખાતે કરવામાં આવ્યું હતું.

- 'યુદ્ધ અભ્યાસ 2021'નું આયોજન 8 ફેબ્રુઆરીથી 21 ફેબ્રુઆરી, 2021 દરમિયાન કરવામાં આવી રહયું છે.
- 'યુદ્ધ અભ્યાસ 2021' એ આ વાર્ષિક દ્વિપક્ષીય યુદ્ધ અભ્યાસની <u>16મી આવૃત્તિ</u> છે.

### યુદ્ધ અભ્યાસ 2021 વિશે

યુદ્ધ અભ્યાસ 2021નું આયોજન <u>ભારત-પાકિસ્તાન સરહદ નજીક</u> કરવામાં આવી રહયું છે.

- ભારત અને યુ.એસ.ના સૈન્ય વચ્ચે સહયોગ અને આંતરવ્યવહારિતા વધારવાના ઉદ્દેશ સાથે આ કવાયતનું આયોજન કરવામાં આવી રહયું છે.
- આ કવાયત સંયુક્ત રાષ્ટ્રના આદેશ અનુસાર આતંકવાદ વિરોધી કામગીરી પર પણ ધ્યાન કેન્દ્રીત કરશે.

### યુદ્ધ અભ્યાસ 2021 દરમિયાન સેનાનું પ્રતિનિધિત્વ

જમ્મુ–કાશ્મીર રાઈફલ્સની 11મી બટાલિયન આ કવાયતમાં ભારતનું પ્રતિનિધિત્વ કરી રહી છે.

- જમ્મુ–કાશ્મીર રાઈફલ્સની 11મી બટાલિયન સાઉથ વેસ્ટર્ન કમાન્ડનો એક ભાગ છે.
- આ કવાયત દરમિયાન યુ.એસ. આર્મીનું પ્રતિનિધિત્વ બીજી બટાલિયન અને ત્રીજી ઈન્ફેન્ટ્રી રેજીમેન્ટના જવાનો દ્વારા કરવામાં આવી રહયું છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## યુદ્ધ અભ્યાસ વિશે

યુદ્ધ અભ્યાસ એ ભારત અને અમેરિકાની સેના વચ્ચેની દ્વિપક્ષીય કવાયત છે.

- આ કવાયતની <u>પ્રથમ આવૃત્તિ</u>નું આયોજન <u>વર્ષ 2004</u>માં <u>મિઝોરમ ખાતે</u> કરવામાં આવ્યું હતું.
- આ કવાયતની મદદથી બંને દેશો સહયોગ અને વિવિધ તકનીકીઓનું આદાન–પ્રદાન કરે છે.

**ભારત-અમેરિકા વચ્ચેની વિવિધ સંયુક્ત કવાયતો**

| ક્રમ | કવાયતનું નામ | કઈ સેનાઓ વચ્ચે યોજાય છે ? |
|---|---|---|
| 1 | વજ્ર પ્રહાર | આર્મી |
| 2 | રેડ ફ્લેગ | વાયુ સેના |
| 3 | ટાઈગર ટ્રાઈમ્ફ | ત્રણેય દળો વચ્ચે |
| 4 | માલાબાર | નૌકાદળ |
| 5 | પાસેક્સ | નૌકાદળ |

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®



1. 'વિશ્વ કઠોળ દિવસ'ની ઉજવણી ક્યારે કરવામાં આવે છે ?

(A) 10 ફેબ્રુઆરી (B) 11 ફેબ્રુઆરી (C) 9 ફેબ્રુઆરી (D) 8 ફેબ્રુઆરી (A)

2. 'વિશ્વ કઠોળ દિવસ 2021'ની થીમ જણાવો ?

(A) Nutritious seeds for a better future

(B) Nutritious seeds for a sustainable Future

(C) Pulses for great Future

(D) Nutritious Pulses for better future (B)

3. ભારતમાં નીચેનામાંથી કયા રાજ્યમાં રાજ્યસભાના સભ્યોની સંખ્યા 11 નથી ?

(A) ગુજરાત (B) કર્ણાટક (C) આંધ્રપ્રદેશ (D) મધ્યપ્રદેશ (B)

4. ભારતમાં રાજ્યસભાના સભ્યોની ચૂંટણીમાં હાલ નીચેનામાંથી કયા સિદ્ધાંતનો ઉપયોગ થતો નથી ?

(A) સપ્રમાણ પ્રતિનિધિત્વ (B) એકલ સંક્રમણીય મત

(C) ગુપ્ત મતદાન (D) ખુલ્લું મતદાન (C)

5. ભારતમાં 'લોકપ્રતિનિધિત્વ અધિનિયમ, 1951'માં કયા વર્ષે થયેલા સુધારા અનુસાર હવે ભારતના કોઈ એક રાજ્યનો નાગરિક બીજા રાજ્યમાંથી પણ રાજ્યસભાનો સભ્ય બની શકે છે ?

(A) 2001 (B) 2002 (C) 2003 (D) 2004 (C)

6. ભારત અને યુ.એસ વચ્ચે તાજેતરમાં સંયુક્ત સૈન્ય લશ્કરી કવાયત 'યુદ્ધ અભ્યાસ'નું આયોજન કયા રાજ્યમાં કરવામાં આવ્યું હતું ?

(A) રાજસ્થાન (B) સિક્કિમ (C) મિઝોરમ (D) પંજાબ (A)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

**7.** તાજેતરમાં ભારત અને યુ.એસ. વચ્ચે થયેલા લશ્કરી કવાયત 'યુદ્ધ અભ્યાસ' વિશે સાચું વિધાન/વિધાનો જણાવો ?

1. યુદ્ધ અભ્યાસ કવાયતની આ વર્ષે 16મી આવૃત્તિનું આયોજન કરવામાં આવ્યું હતું.
2. આ કવાયતની પ્રથમ આવૃત્તિનું આયોજન વર્ષ 2004માં મિઝોરમ ખાતે કરવામાં આવ્યું હતું.
3. આ કવાયતની મદદથી બંને દેશો વચ્ચે સેનાના સહયોગ અને આંતર વ્યવહારિતા વધારવામાં મદદ મળે છે.

(A) 1, 2 (B) 2, 3 (C) 1, 3 (D) 1, 2, 3 **(D)**

**8.** 'ટાઈગર ટ્રાઈમ્ફ'એ ભારત અને અમેરિકાના કયું/કયા સૈનિક દળ વચ્ચે યોજવામાં આવે છે ?

1. આર્મી 2. વાયુસેના 3. નૌકાદળ

(A) 1, 2 (B) 2, 3 (C) 1, 2, 3 (D) 1, 3 **(C)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS



# દિવસ મહિમા : 11 ફેબ્રુઆરી, વિજ્ઞાનમાં મહિલાઓ અને છોકરીઓના યોગદાન અંગેનો દિવસ (International Day of Women and Girls in Science)

## International Day of Women and Girls in Science

વિજ્ઞાનના વિકાસમાં મહિલાઓ તથા છોકરીઓના યોગદાનને બિરદાવવા માટે તેમજ તેને પ્રોત્સાહન આપવા માટે દર વર્ષે **11 ફેબ્રુઆરી**ના રોજ આ દિવસની ઉજવણી કરવામાં આવે છે.

- 22 ડિસેમ્બર, 2015ના રોજ યુનાઈટેડ નેશન્સની જનરલ એસેમ્બલી દ્વારા આ દિવસની ઉજવણીની મંજૂરી આપવામાં આવી હતી.
- ત્યારબાદ વર્ષ 2016થી 11 ફેબ્રુઆરીના રોજ દર વર્ષે આ દિવસ ઉજવાય છે.
- **વર્ષ 2021**ની 'વિજ્ઞાનમાં મહિલાઓ અને છોકરીઓના યોગદાન અંગેના દિવસ'ની થીમ **'Women Scientists at the forefront of the fight against COVID-19'** છે.

® ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

# અમેરિકાએ બાયોફ્યુઅલથી ચાલતુ પ્રથમ રોકેટ 'સ્ટારડસ્ટ 1.0' લોન્ચ કર્યુ

તાજેતરમાં અમેરિકા દ્વારા લોન્ચિંગ **વિહીકલ સ્ટારડસ્ટ 1.0**ની શરૂઆત **યુ.એસ.ના લોરિંગ કોમર્સ સેન્ટર** નામના લશ્કરી બેઝ ખાતેથી કરવામાં આવી હતી.

- સ્ટારડસ્ટ 1.0 એ **પ્રથમ કોમર્શિયલ સ્પેસ લોન્ચ** છે જે સમગ્રતયા **બાયોફ્યુઅલથી સંચાલિત** થાય છે.
- સ્ટારડસ્ટ 1.0નું આ લોન્ચિંગનું સફળ પરીક્ષણ **અમેરિકાના મૈને રાજ્ય** ખાતે કરવામાં આવ્યું હતું. તેમજ તે મૈને રાજ્યનું પ્રથમ વ્યાપારી રોકેટ પ્રક્ષેપણ હતું.

## સ્ટારડસ્ટ 1.0 વિશે

સ્ટારડસ્ટ રોકેટ લોન્ચ વિહીકલ **અમેરિકાની બ્લુ શિફ્ટ નામની** કંપની દ્વારા તૈયાર કરવામાં આવેલ છે.

- આ લોન્ચ વિહીકલનો ઉપયોગ **ક્યુબસેટ્સ જેવા નાના ઉપગ્રહોને અવકાશમાં લોન્ચ** કરવા માટે કરવામાં આવશે.
- સ્ટારડસ્ટ લોન્ચ વિહીકલની ઊંચાઈ 20 ફૂટ અને તેનું વજન આશરે 250 કિલોગ્રામ જેટલું છે.

આ લોન્ચિંગ વિહીકલ **8 કિલોગ્રામનું મહત્તમ પેલોડ માસ** ઊંચકી શકવાની ક્ષમતા ધરાવે છે.

- આ રોકેટના પ્રથમ પ્રક્ષેપણમાં **ત્રણ પેલોડ્સ**નો સમાવેશ કરવામાં આવ્યો હતો જે નીચે મુજબના છે :
  1. મેટલ એલોય (મિશ્ર ધાતુ) જે કંપનને ઓછુ કરવા માટે ડિઝાઈન કરીને ઉપયોગમાં લેવામાં આવી હતી.
  2. ક્યુબસેટ પ્રોટોટાઈપ સેટેલાઈટ જે હાઈસ્કૂલના વિદ્યાર્થીઓ દ્વારા તૈયાર કરવામાં આવ્યો હતો.
  3. સોફ્ટવેર કંપની રોકેટ ઈનસાઈટ્સ પાસેથી ખરીદવામાં આવેલ એક ક્યુબસેટનો પણ સમાવેશ કરવામાં આવ્યો હતો.
- પરંપરાગત રોકેટ ઈંધણની સરખામણીએ આ રોકેટ વિહીકલ **ઘણું સસ્તું** છે જેનું સંચાલન બાયોફ્યુઅલથી કરવામાં આવે છે. તેમજ તે **પ્રદૂષણ પણ ઓછું ફેલાવે** છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## બ્લુ શિફ્ટ કંપની વિશે

બ્લુ શિફ્ટ એ અમેરિકાના **મૈને રાજ્યમાં** સ્થિત એક **એરોસ્પેસ કંપની** છે.

- આ કંપની **બાયોફ્યુઅલ દ્વારા સંચાલિત રોકેટના વિકાસ** સાથે સંકળાયેલી છે.
- બ્લુ શિફ્ટ કંપની વર્ષ 2014થી સ્ટારડસ્ટ 1.0 લોન્ચ વિહીકલનું ઉત્પાદન કરી રહી છે.
- આ કંપની સ્ટારડસ્ટ જનરેશન 2, સ્ટારલેસ રોજ અને રેડ ડ્વાર્ફ જેવા અન્ય રોકેટ વિકસાવવા સાથે પણ સંકળાયેલી છે.

## બાયોફ્યુઅલ વિશે

બાયો ફ્યુઅલ એ બાયોમાસ જેવી જ સમકાલીન પ્રક્રિયાઓ દ્વારા ઉત્પન્ન કરવામાં આવે છે. અને તેને સીધા જ પ્રવાહી બળતણમાં ફેરવી શકાય છે.

- બાયોફ્યુઅલ શબ્દ સામાન્ય રીતે પ્રવાહી અને વાયુમય બળતણ માટે આરક્ષિત છે કે જેનો ઉપયોગ પરિવહન માટે કરવામાં આવે છે.
- વિવિધ વૃક્ષો, છોડ તેમજ પાકમાં સંગ્રહીત ઊર્જાને જૈવ ઊર્જા કહેવામાં આવે છે જેનો ઉપયોગ કરીને ઉષ્મા, વિદ્યુત અને ગતિ ઊર્જા ઉત્પન્ન કરી શકાય છે.
- પૃથ્વી પર રહેલ તમામ વનસ્પતિઓ અને જૈવિક પદાર્થોને ‘બાયોમાસ’ કહેવામાં આવે છે.



## મેજર પોર્ટ ઓથોરિટી બિલ, 2020 રાજ્યસભામાં પસાર કરવામાં આવ્યું

10 ફેબ્રુઆરી, 2021ના રોજ **'મેજર પોર્ટ ઓથોરિટી બિલ, 2020'**ને રાજ્યસભામાં પસાર કરવામાં આવ્યું હતું.

- મેજર પોર્ટ ઓથોરિટી બિલ, 2020ને **બેલેટ વોટ મારફત** પસાર કરવામાં આવ્યું હતું તથા રાજ્યસભામાં તેની તરફેણમાં 84 અને વિરૂદ્ધમાં 44 વોટ પડયા હતા.
- લોકસભાએ આ બિલને અગાઉ 23 સપ્ટેમ્બર 2020ના રોજ મંજૂર કરી દીધું હતું.

### મેજર પોર્ટ ઓથોરિટી બિલ, 2020નું મહત્ત્વ

**બંદર, શિપિંગ અને જળમાર્ગ માટેના કેન્દ્રીય રાજ્ય પ્રધાન શ્રી મનસુખભાઈ માંડવિયા**એ બિલ બાબતે પ્રકાશ પાડયો હતો કે આ બિલ મોટા ખાનગી બંદરોમાં સારી સ્પર્ધાને પ્રોત્સાહન આપશે.

- આ બિલ બંદરોની જમીનોના વપરાશને વેગ આપશે અને પોર્ટ ટેરિફમાં હરીફાઈને પ્રોત્સાહન આપશે.

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

### મેજર પોર્ટ ઓથોરિટી બિલ, 2020ની મુખ્ય જોગવાઈઓ

મેજર પોર્ટ ઓથોરિટી બિલ, 2020ની મુખ્ય જોગવાઈઓ નીચે મુજબ છે :

1. આ બિલ ભારતના 12 મોટા **બંદરોને વધુ સ્વાયતત્તા** પ્રદાન કરશે. તેમજ તેના **નિર્ણય કરવાની સત્તામાં વધારો** કરશે.

- આ બિલ અંતર્ગત એક બોર્ડની સ્થાપના કરવામાં આવશે જે બંદરોના સંચાલનને વ્યાવસાયિક બનાવશે.
- આ બિલ અંતર્ગત **મેજર પોર્ટ ટ્રસ્ટ એક્ટ, 1963**ને બદલવામાં આવશે.
- તેના અંતર્ગત હાલના પોર્ટ ટ્રસ્ટને બદલીને દરેક મોટા બંદર માટે એક પોર્ટ ઓથોરિટી બોર્ડ બનાવવામાં આવશે.



| બિલ અંતર્ગત સમાવિષ્ટ દેશના 12 મોટા બંદરો | | |
|---|---|---|
| ક્રમ | બંદર (Ports) | રાજ્ય |
| 1 | દીનદયાળ(અગાઉનું કંડલા) બંદર | ગુજરાત |
| 2 | મુંબઈ પોર્ટ | મહારાષ્ટ્ર |
| 3 | જવાહરલાલ નહેરુ પોર્ટ (JNPT) | મહારાષ્ટ્ર |
| 4 | મોર્મુગાઓ પોર્ટ | ગોવા |
| 5 | ન્યૂ મેંગ્લોર પોર્ટ | કર્ણાટક |
| 6 | કોચિન પોર્ટ | કેરલ |
| 7 | ચેન્નાઈ પોર્ટ | તમિલનાડુ |
| 8 | કામરાજાર પોર્ટ (અગાઉનું એન્નોર પોર્ટ) | તમિલનાડુ |
| 9 | વી.ઓ. ચિદમ્બરનર પોર્ટ | તમિલનાડુ |
| 10 | વિશાખાપટ્ટનમ પોર્ટ | આંધ્રપ્રદેશ |
| 11 | પારાદીપ પોર્ટ | ઓડિશા |
| 12 | કોલકાત્તા પોર્ટ | પશ્ચિમ બંગાળ |

## બોર્ડની રચના

મોટા બંદરો માટેની બોર્ડ ઓથોરિટીમાં **એક અધ્યક્ષ** અને **ડેપ્યુટી ચેરપર્સન**નો સમાવેશ કરવામાં આવશે.

- આ બંનેની **નિમણૂંક પસંદગી સમિતિની ભલામણ** બાદ **કેન્દ્ર સરકાર** દ્વારા કરવામાં આવશે.
- આ બોર્ડમાં સંબંધિત દરેક **રાજ્ય સરકાર**, **રેલવે મંત્રાલય**, **સંરક્ષણ મંત્રાલય** અને **કસ્ટમ વિભાગ**ના **એક એક સભ્યનો** પણ સમાવેશ કરવામાં આવશે.
- તેમાં **2 થી 4 જેટલા સ્વતંત્ર સભ્યો**નો પણ સમાવેશ કરવામાં આવશે.
- ઉપરાંત, તેમાં બે સભ્યોનો સમાવેશ કરવામાં આવશે જે મેજર બંદર ઓથોરિટીના કર્મચારીઓના હિતોને રજૂ કરશે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

1. 'વિજ્ઞાનમાં મહિલાઓ અને છોકરીઓના યોગદાન અંગેનો દિવસ' ક્યારે ઉજવવામાં આવે છે ?
(A) 11 ફેબ્રુઆરી (B) 12 ફેબ્રુઆરી (C) 10 ફેબ્રુઆરી (D) 9 ફેબ્રુઆરી (A)

2. International Day of Women and Girls in Science 2021ની થીમ જણાવો ?
(A) Women Scientist at the forefront of the fight against COVID-19
(B) Women Scientist fight against COVID-19
(C) Women Growth in Science
(D) ઉપરોક્ત એક પણ નહિ (A)

3. બાયોફ્યુઅલથી ચાલતુ પ્રથમ રોકેટ 'સ્ટારડસ્ટ 1.0' તાજેતરમાં કયા દેશ દ્વારા લોન્ચ કરવામાં આવ્યું હતું ?
(A) ફ્રાંસ (B) ઈટાલી (C) જાપાન (D) અમેરિકા (D)

4. બાયોફ્યુઅલથી ચાલતુ પ્રથમ રોકેટ 'સ્ટારડસ્ટ 1.0' તાજેતરમાં અમેરિકા દ્વારા લોન્ચ કરવામાં આવ્યું છે તેના વિશે સાચું વિધાન / વિધાનો જણાવો ?
1. સ્ટારડસ્ટ 1.0નું નિર્માણ અમેરિકાની બ્લુશિફ્ટ નામની કંપની દ્વારા કરવામાં આવ્યું છે.
2. આ લોન્ચિંગ વિહીકલ 8 કિલોગ્રામનું મહત્તમ પેલોડ માસ ઊંચકી શકવાની ક્ષમતા ધરાવે છે.
3. અમેરિકાના મૈને રાજ્યમાં આવેલા લોરિંગ કોમર્સ સેન્ટર ખાતેથી તેનું પરીક્ષણ કરવામાં આવ્યું હતું.
4. બ્લુ શિફ્ટ નામની અમેરિકન કંપની બાયોફ્યુઅલ દ્વારા સંચાલિત રોકેટના વિકાસ સાથે સંકળાયેલી છે.
(A) 1, 2, 3 (B) 2, 3, 4 (C) 1, 2, 4 (D) 1, 2, 3, 4 (D)

ICE ® INSTITUTE FOR COMPETITIVE EXAMS

5. તાજેતરમાં રાજ્યસભામાં મેજર પોર્ટ ઓથોરિટી બિલ, 2020 પસાર કરવામાં આવ્યું હતું, તેના વિશે સાચા વિધાનો જણાવો ?
1. આ બિલ દ્વારા ખાનગી બંદરોમાં સારી સ્પર્ધાને પ્રોત્સાહન મળશે.
2. આ બિલ ભારતના 12 મોટા બંદરોને વધુ સ્વાયતત્તા પ્રદાન કરશે.
3. આ બિલ અંતર્ગત મેજર પોર્ટ ટ્રસ્ટ એકટ, 1963 ને બદલવામાં આવશે.
4. દરેક મોટા બંદર માટે એક પોર્ટ ઓથોરિટી બોર્ડ બનાવવા માટેની જોગવાઈ આ બિલમાં કરવામાં આવી છે.
(A) 1, 2, 3, 4 (B) 1, 2 (C) 2, 3 (D) 2, 3, 4 (A)

દિવસ મહિમા : 12 ફેબ્રુઆરી, (1) ડાર્વિન દિવસ
(2) ઈન્ટરનેશનલ ડે અગેઈન્સ્ટ ધ યુઝ ઓફ ચાઈલ્ડ સોલ્જર્સ (રેડ હેન્ડ ડે)

# વિશ્વના સૌથી મોટા રેડિયો ટેલિસ્કોપ 'સ્કવેર કિલોમીટર એરે ઓબ્ઝર્વેટરી (SKAO)'ની સ્થાપનાને મંજૂરી

તાજેતરમાં સ્કવેર કિલોમીટર એરે ઓબ્ઝર્વેટરી (SKAO) કાઉન્સિલે તેની પ્રથમ બેઠક યોજી હતી અને આ બેઠક દરમિયાન વિશ્વના સૌથી મોટા રેડિયો ટેલિસ્કોપની સ્થાપનાને મંજૂરી આપી હતી.

- ગયા વર્ષે ડિસેમ્બરમાં વિશ્વના સૌથી પ્રખ્યાત રેડિયો ટેલિસ્કોપમાંના એક એવા પ્યુર્ટો રિકામાં આવેલા 'અરેસિબો'ના પતન પછી, આ નવા સાહસને ખૂબ મહત્વપૂર્ણ માનવામાં આવી રહયું છે.

## સ્કવેર કિલોમીટર એરે ઓબ્ઝર્વેટરી (SKAO) વિશે

સ્કવેર કિલોમીટર એરે ઓબ્ઝર્વેટરીએ એક નવી આંતર સરકારી સંસ્થા છે જે રેડિયો ખગોળશાસ્ત્રને સમર્પિત છે.

- તેનું મુખ્યમથક યુનાઈટેડ કિંગડમ (U.K.)માં આવેલું છે.
- હાલમાં 10 દેશોની સંસ્થાઓ SKAOનો એક ભાગ છે.
- આ દસ દેશોમાં ઓસ્ટ્રેલિયા, કેનેડા, ચીન, ભારત, ઈટાલી, ન્યુઝીલેન્ડ, સાઉથ આફ્રિકા, સ્વિડન, નેધરલેન્ડ અને યુ.કે.નો સમાવેશ થાય છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## સ્કવેર કિલોમીટર એરે ઓબ્ઝર્વેટરી (SKAO)નું સ્થાન

- વિશ્વના સૌથી મોટા રેડિયો ટેલિસ્કોપની સ્થાપના માટેના સૂચિત સ્થાનો આફ્રિકા અને ઓસ્ટ્રેલિયામાં હશે.

## SKAOનો વિકાસ

SKAOનો વિકાસ ઓસ્ટ્રેલિયન સ્કવેર કિલોમીટર એરે પાથફાઈન્ડર (ASKAP) નામના અન્ય શકિતશાળી ટેલિસ્કોપનો ઉપયોગ કરીને કરવામાં આવેલા વિવિધ સર્વેક્ષણોના પરિણામોનો ઉપયોગ કરીને કરવામાં આવશે.

- **ASKAP**નો વિકાસ અને સંચાલન ઓસ્ટ્રેલિયાની સાયન્સ એજન્સી **કોમનવેલ્થ સાયન્ટિફિક એન્ડ ઈન્ડસ્ટ્રીયલ રિસર્ચ ઓર્ગેનાઈઝ (CSIRO)** દ્વારા કરવામાં આવે છે.

### SKAનું મહત્ત્વ


વૈજ્ઞાનિકો આ ટેલિસ્કોપની મદદથી નીચેની બાબતો જાણવા અંગે પ્રયત્નો કરશે.

- બ્રહ્માંડની શરૂઆત
- પ્રથમ તારાનો જન્મ કેવી રીતે અને કયારે થયો હતો
- આકાશગંગાનું જીવનચક્ર
- ગુરૂત્વાકર્ષણના તરંગો કયાંથી આવે છે તે જાણવું

## લદાખમાં ભારતનો પ્રથમ જિયોથર્મલ પાવર પ્રોજેકટ સ્થાપવામાં આવશે

**પૂર્વી લદાખના પુગા ગામ** ખાતે **ભારતનો પ્રથમ જિયોથર્મલ (ભૂ-તાપીય) પાવર પ્રોજેકટ** સ્થાપવામાં આવશે.

- વૈજ્ઞાનિકોને લદાખના **પુગા ગામને ભૂ-તાપીય ઊર્જાના હોટસ્પોટ** તરીકે ઓળખી કાઢયું છે. ત્યા **100 મેગાવોટથી વધારે ભૂ-તાપીય ઊર્જા ઉત્પન્ન** કરવાની ક્ષમતા છે.
- આ પ્રોજેકટ **કુલ ચાર તબક્કામાં પૂર્ણ** કરવામાં આવશે.
- 6 ફેબ્રુઆરી, 2021ના રોજ પ્રથમ તબક્કાની સ્થાપના અને અમલીકરણ માટે ONGC એનર્જી, લદાખ ઓટોનોમસ હિલ ડેવલપમેન્ટ કાઉન્સિલ (LAHDC) અને કેન્દ્રશાસિત પ્રદેશ લદાખના વીજ વિભાગ વચ્ચે ત્રિપક્ષીય MoU પર હસ્તાક્ષર થયા હતા.
- આ જિયોથર્મલ પ્રોજેકટને **'જિયોથર્મલ ફિલ્ડ ડેવલપમેન્ટ પ્રોજેકટ'** તરીકે ઓળખવામાં આવે છે.
- આ પ્રોજેકટ વર્ષ 2022ના અંત સુધીમાં શરૂ થવાની સંભાવના છે.



## પ્રોજેક્ટ અંતર્ગત વિવિધ તબક્કાઓ

પ્રોજેક્ટનો પ્રથમ તબક્કો પાઈલોટ ધોરણે ONGC એનર્જી સેન્ટર દ્વારા લાગુ કરવામાં આવશે.

- ONGC એનર્જી લદાખના પુગા ગામ ખાતે 500 મીટરની ઊંડાઈ સુધી અન્વેષણ કરશે.
- આ પ્રોજેક્ટ અંતર્ગત બીજો તબક્કો સંશોધન અને વિકાસનો તબક્કો રહેશે.
- ત્રીજા તબક્કા હેઠળ સંયુક્ત સાહસો અને વ્યાપારી પ્રોજેક્ટર્સને પ્રોત્સાહન આપવામાં આવશે.

## જિયોથર્મલ ઊર્જા (ભૂ-તાપીય ઊર્જા) વિશે

જિયોથર્મલ ઊર્જા એ પૃથ્વીની ઉપરની સપાટીની નીચે ઉત્પન્ન થનારી ઉષ્મા ઊર્જા છે.

- તેનો ઉપયોગ ગરમી, ઠંડક અને સ્વચ્છ વીજળી પેદા કરવા માટે થઈ શકે છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

# નેશનલ હોર્ટીકલ્ચર ફૈર 2021નું આયોજન બેંગાલુરુ ખાતે કરવામાં આવ્યું

નેશનલ હોર્ટીકલ્ચર ફૈર 2021 (રાષ્ટ્રીય બાગાયતી મેળો) 8 ફેબ્રુઆરી, 2021ના રોજ બેંગાલુરુ ખાતે શરૂ થયો છે.

- આ પાંચ દિવસીય મેળાનું આયોજન બેંગાલુરુ ખાતેના ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ હોર્ટીકલ્ચર રિસર્ચ (IIHR)ના કેમ્પસ ખાતે કરવામાં આવ્યું છે.
- આ કાર્યક્રમમાં ભારતભરના લોકો વર્ચ્યુઅલ રીતે જોડાશે.

## રાષ્ટ્રીય બાગાયતી મેળા વિશે

રાષ્ટ્રીય બાગાયતી મેળા 2021નું આયોજન ઈન્ડિયન કાઉન્સિલ ફોર એગ્રીકલ્ચર રિસર્ચ (ICAR) અને ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ હોર્ટીકલ્ચરલ રિસર્ચ (IIHR) દ્વારા કરવામાં આવ્યું છે.

- વર્ષ 2021ના રાષ્ટ્રીય બાગાયતી મેળાની થીમ 'હોર્ટીકલ્ચર ફોર સ્ટાર્ટ-અપ એન્ડ સ્ટેન્ડ-અપ ઈન્ડિયા' છે.
- આ થીમ ખેડૂતોને ઉદ્યોગ સાહસિક બનવા માટે પ્રેરણા આપે છે.

- કોવિડ-19ને કારણે આ વર્ષે આ મેળાનું આયોજન ઓફલાઈન અને ઓનલાઈન બંને રીતે કરવામાં આવી રહયું છે.
- આ કાર્યક્રમ અંતર્ગત ખેડૂતો વૈજ્ઞાનિકો સાથે સીધો સંવાદ કરી શકશે.
- ખેડૂતો આ કાર્યક્રમમાં દેશભરમાં આવેલા 721 કૃષિ વિજ્ઞાન કેન્દ્ર ખાતેથી જોડાઈ શકે છે.

## ઈન્ડિયન ઈન્સ્ટિટયૂટ ઓફ હોર્ટીકલ્ચર રિસર્ચ (IIHR) વિશે

ઈન્ડિયન ઈન્સ્ટિટયૂટ ઓફ હોર્ટીલ્ચર રિસર્ચ (IIHR)એ **એક સ્વાયત્ત સંસ્થા** છે.

- તે બાગાયત સંબંધિત મૂળભૂત, વ્યૂહાત્મક અને વિવિધ સંશોધનોને લાગુ કરવા માટે રોકાયેલ સંસ્થા છે.
- તેનું મુખ્યમથક **કર્ણાટક**ના **બેંગાલુરુ** ખાતે આવેલું છે.
- આ સંસ્થા **ઈન્ડિયન કાઉન્સિલ ઓફ એગ્રીકલ્ચરલ રિસર્ચ (ICAR)**ની પેટાશાખા છે.

## ઈન્ડિયન કાઉન્સિલ ઓફ એગ્રીકલ્ચરલ રિસર્ચ (ICAR) વિશે

ઈન્ડિયન કાઉન્સિલ ઓફ એગ્રીકલ્ચરલ રિસર્ચ (ભારતીય કૃષિ સંશોધનપરિષદ) ભારતમાં **કૃષિ શિક્ષણ** અને **સંશોધન** માટે **જવાબદાર એક સ્વાયત્ત સંસ્થા** છે.

- ICARની સ્થાપના 16 જુલાઈ, 1929ના રોજ કરવામાં આવી હતી.
- **કેન્દ્રીય કૃષિ પ્રધાન તેના અધ્યક્ષ** તરીકે કાર્ય કરે છે જેના ભાગરૂપે વર્તમાનમાં **શ્રી નરેન્દ્રસિંહ તોમર અધ્યક્ષ** છે.



1. 'ડાર્વિન દિવસ'ની ઉજવણી ક્યારે કરવામાં આવે છે ?
(A) 12 ફેબ્રુઆરી (B) 11 ફેબ્રુઆરી (C) 13 ફેબ્રુઆરી (D) 10 ફેબ્રુઆરી **(A)**

2. 'ઈન્ટરનેશનલ ડે અગેઈન્સ્ટ ધ યુઝ ઓફ ચાઈલ્ડ સોલ્ઝર્સ'ની ઉજવણી ક્યારે કરવામાં આવે છે ?
(A) 12 ફેબ્રુઆરી (B) 11 ફેબ્રુઆરી (C) 13 ફેબ્રુઆરી (D) 10 ફેબ્રુઆરી **(A)**

3. વિશ્વના સૌથી મોટા સ્થાપવામાં આવનાર રેડિયો ટેલિસ્કોપ 'સ્કવેર કિલોમીટર એરે ઓબ્ઝર્વેટરી (SKAO)' અંગે સાચું વિધાન/વિધાનો જણાવો ?
1. તે રેડિયો ખગોળશાસ્ત્રને સમર્પિત છે.
2. તેનું મુખ્યમથક યુ.કે. ખાતે આવેલું છે.
3. હાલમાં વિશ્વના 10 દેશોની સંસ્થાઓ SKAOનો એક ભાગ છે.
4. આ રેડિયો ટેલિસ્કોપ માટે સ્થાપવાના સૂચિત સ્થાનો આફ્રિકા અને ઓસ્ટ્રેલિયાના છે.
(A) 1, 2, 3 (B) 2, 3, 4 (C) 1, 2, 3, 4 (D) 1, 2, 4 **(C)**

4. ભારતનો પ્રથમ જિયોથર્મલ પાવર પ્રોજેક્ટ કયા સ્થાપવામાં આવશે ?
(A) સિક્કીમ (B) મેઘાલય
(C) અરૂણાચલ પ્રદેશ (D) લદાખ **(D)**

5. ભારતના લદાખમાં સ્થાપવામાં આવનાર પ્રથમ જિયોથર્મલ પાવર પ્રોજેક્ટ વિશે સાચું વિધાન/વિધાનો જણાવો ?
1. આ પ્રોજેક્ટ લદાખના પુગા ગામ ખાતે સ્થાપવામાં આવશે.
2. લદાખના પુગા ગામ ખાતે 100 મેગાવોટ થી વધારે ભૂ–તાપીય ઊર્જા ઉત્પન્ન કરવાની ક્ષમતા છે.
3. આ પ્રોજેક્ટ કુલ ચાર તબક્કામાં પૂર્ણ કરવામાં આવશે.
4. આ જિયોથર્મલ પ્રોજેક્ટને 'જિયોથર્મલ ફિલ્ડ ડેવલપમેન્ટ પ્રોજેક્ટ' તરીકે ઓળખવામાં આવે છે.
(A) 1, 2, 3 (B) 1, 2, 4 (C) 1, 2 (D) 1, 2, 3, 4 **(D)**

6. નેશનલ હોર્ટીકલ્ચર ફેર 2021નું આયોજન તાજેતરમાં કયા કરવામાં આવ્યું હતું ?
(A) મુંબઈ (B) નવી દિલ્હી (C) બેંગાલુરુ (D) વિશાખાપટ્ટનમ **(C)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

7. 'રાષ્ટ્રીય બાગાયતી મેળા' વિશે સાચું વિધાન/વિધાનો જણાવો ?

1. તાજેતરમાં તેનું આયોજન ઈન્ડિયન કાઉન્સિલ ફોર એગ્રીકલ્ચરલ રિસર્ચ (ICAR) અને ઈન્ડિયન ઈન્સ્ટિટયૂટ ઓફ હોર્ટીકલ્ચર રિસર્ચ (IIHR) દ્વારા કરવામાં આવ્યું હતું.
2. વર્ષ 2021માં તેની થીમ 'હોર્ટીકલ્ચર ફોર સ્ટાર્ટ–અપ એન્ડ સ્ટેન્ડ–અપ ઈન્ડિયા' છે.
3. આ કાર્યક્રમ અંતર્ગત ખેડૂતો વૈજ્ઞાનિકો સાથે સીધો સંવાદ કરી શકશે.

(A) 1, 2, 3 (B) 1, 2 (C) 2, 3 (D) 1, 3 **(A)**

8. ઈન્ડિયન ઈન્સ્ટિટયૂટ ઓફ હોર્ટીકલ્ચર રિસર્ચ (IIHR)નું મુખ્યમથક કયા આવેલું છે ?

(A) કોલકાત્તા (B) બેંગાલુરુ (C) નવી દિલ્હી (D) મુંબઈ **(B)**

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS




## દિવસ મહિમા : 13 ફેબ્રુઆરી, વિશ્વ રેડિયો દિવસ (World Radio Day)

સમગ્ર વિશ્વમાં દર વર્ષે **13 ફેબ્રુઆરી**ના રોજ **'વિશ્વ રેડિયો દિવસ'**ની ઉજવણી કરવામાં આવે છે.

- **UNESCO**ની **36મી જનરલ કોન્ફરન્સ**માં **3 નવેમ્બર, 2011**ના રોજ આ દિવસની ઉજવણીની જાહેરાત કરવામાં આવી હતી.
- આ માટેનો પ્રસ્તાવ **સ્પેન** દ્વારા રજૂ કરવામાં આવ્યો હતો.
- વિશ્વ રેડિયો દિવસની ઉજવણીનો મુખ્ય ઉદ્દેશ લોકોમાં રેડિયો પ્રત્યે જાગૃતિ લાવવાનો છે.
- **વર્ષ 2012**માં પ્રથમ રેડિયો દિવસની ઉજવણી કરવામાં આવી હતી.
- **વિશ્વ રેડિયો દિવસ-2021**ની થીમને **ત્રણ પેટા** થીમમાં વહેંચવામાં આવી છે જે નીચે મુજબ છે :

**EVOLUTION** : The world changes, radio evolves.

**INNOVATION** : The world Changes, radio adapts innovate.

**CONNECTION** : The world changes, radio connects

## કેન્દ્ર સરકાર 'સમગ્ર શિક્ષા સ્કિમ' અંતર્ગત ભંડોળ મેળવતી શાળાઓનું નામ 'નેતાજી સુભાષચંદ્ર બોઝ નિવાસી શાળા/છાત્રાલય' કરશે

કેન્દ્ર સરકારના **શિક્ષણ મંત્રાલયે** તાજેતરમાં જાહેરાત કરી છે કે તે 'સમગ્ર શિક્ષા સ્કિમ' અંતર્ગત નાણા મેળવતી શાળાઓનું તથા છાત્રાલયોનું નામ **'નેતાજી સુભાષચંદ્ર બોઝ નિવાસી શાળા/છાત્રાલય'** કરશે.

- તેના અંતર્ગત શાળાઓને ગુણવત્તાયુક્ત શિક્ષણ પ્રદાન કરવા માટે પ્રોત્સાહિત કરવામાં આવશે. તેમજ તેનાથી રહેણાંક શાળાઓ વિશે જાગૃતિ વધારવામાં પણ મદદ મળશે.
- આના અંતર્ગત કુલ 1063 વિદ્યાલયોનું નામ બદલવામાં આવશે.

### સમગ્ર શિક્ષા સ્કિમ વિશે

સમગ્ર શિક્ષા યોજનાએ **શાળા શિક્ષણ** માટેની **એકીકૃત યોજના** છે. તેમજ તે કેન્દ્ર પુરસ્કૃત યોજના છે.

- આ યોજના શાળા **પૂર્વેથી લઈને ધોરણ 12 સુધી વિસ્તૃત** કરવામાં આવેલ છે.
- આ યોજનામાં નીચેની **ત્રણ યોજનાઓનો સમાવેશ** કરવામાં આવેલ છે :

INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

1. <u>સર્વ શિક્ષા અભિયાન (SSA)</u>
2. <u>ટીચર એજ્યુકેશન (TE)</u>
3. <u>રાષ્ટ્રીય માધ્યમિક શિક્ષા અભિયાન (RMSA)</u>

- આ યોજનાનું લક્ષ્ય <u>વર્ષ 2030</u> સુધીમાં <u>સસ્ટેનેબલ ડેવલપમેન્ટ ગોલ 4માં</u> નિર્ધારિત <u>'ગુણવત્તાપૂર્ણ શિક્ષણ'</u>ને પ્રાપ્ત કરવાનો છે.
- મસગ્ર શિક્ષા યોજના હેઠળ ડુંગરાળ વિસ્તારો, નાના અને છૂટા છવાયા વસતીવાળા વિસ્તારોમાં રહેણાંક શાળાઓ અને છાત્રાલયો શરૂ કરવા અને ચલાવવા માટે કેન્દ્ર સરકાર દ્વારા આર્થિક સહાય પૂરી પાડવામાં આવે છે.
- આ યોજના અંતર્ગત શાળા શિક્ષણની ગુણવત્તા સુધારવા માટે મુખ્યત્વે બે 'T' પર ભાર મૂકવામાં આવ્યો છે જે નીચે મુજબ છે :
  1. <u>ટીચર</u>
  2. <u>ટેક્નોલોજી</u>
- આ યોજના માટે <u>ઉત્તર પૂર્વીય રાજ્યો</u> તથા <u>હિમાલયન રાજ્યો</u> માટે કેન્દ્ર અને <u>રાજ્યનો નાણાકીય ફાળો</u> <u>90 : 10</u> છે.
- જ્યારે <u>વિધાનસભા ધરાવતા</u> અન્ય તમામ <u>રાજ્યો</u> અને <u>કેન્દ્રશાસિત પ્રદેશ</u> માટે કેન્દ્ર અને રાજ્ય/કેન્દ્રશાસિત પ્રદેશનો <u>ફાળો 60 :40</u> છે.
- <u>વિધાનસભાના ન ધરાવતા કેન્દ્રશાસિત પ્રદેશો</u>ને <u>100% નાણાકીય</u> ભંડોળ કેન્દ્ર સરકાર દ્વારા પૂરું પાડવામાં આવે છે.

**ICE FACT :**

(1) <u>રાઈટ ટૂ એજ્યુકેશન એક્ટ (RTE)</u> ભારતના બંધારણની <u>કલમ-21(A) હેઠળ મૂળભૂત અધિકાર</u> છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ડેનમાર્ક દ્વારા વિશ્વના પ્રથમ ઊર્જા ટાપુનું નિર્માણ કરવામાં આવશે

ડેનમાર્કે તાજેતરમાં જ **ઉત્તર સમુદ્ર**માં **વિશ્વના પ્રથમ ઊર્જા ટાપુ** બનાવવાની યોજનાને મંજૂરી આપી છે.

- આ ઊર્જા ટાપુનો ઉપયોગ લગભગ **3 મિલિયન યુરોપિયન ઘરોની વીજળીની માંગને** પહોંચી વળવા માટે કરવામાં આવશે તેમજ આ ઊર્જા ટાપુમાં **ગ્રીન ઊર્જાનું ઉત્પાદન અને તેનો સંગ્રહ** કરવામાં આવશે.
- ઉત્તર સમુદ્રમાં નિર્માણ પામનાર આ કૃત્રિમ ટાપુ 18 ફૂટબોલ મેદાનના કદ જેવડો હશે.

### ઊર્જા ટાપુ વિશે

ડેનમાર્કમા નિર્માણ પામનાર વિશ્વનો આ પ્રથમ ઊર્જા ટાપુ ડેનમાર્કના પશ્ચિમ કાંઠેથી 80 કિલોમીટર દૂર સ્થિત હશે. તેમજ તેની **પ્રારંભિક ઊર્જા ક્ષમતા 3 ગીગાવોટ** હશે.

- આ ઊર્જા ટાપુને સેંકડો ઓફશોર વિન્ડ ટર્બાઈનો સાથે જોડવામાં આવશે જેથી ઘરોને વીજ પૂરવઠો મળી શકે.
- ડેનમાર્ક દ્વારા **વર્ષ 2033** સુધીમાં આ ઊર્જા ટાપુને કાર્યરત બનાવવાની યોજના ઘડવામાં આવી છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

### ઉત્તર સમુદ્ર (North Sea) વિશે

તે **એટલાન્ટિક મહાસાગર**નો એક ભાગ છે.

- આ સમુદ્ર કિનારે ઈંગ્લેન્ડ, સ્કોટલેન્ડ, ડેનમાર્ક, જર્મની, નોર્વે, બેલ્જિયમ, ફ્રાંસ અને નેધરલેન્ડ જેવા દેશો આવેલા છે.
- ઉત્તર સમુદ્રના દક્ષિણ ભાગે ઈંગ્લીશ ચેનલ અને ઉત્તર ભાગે નોર્વેઝીયન સમુદ્ર આવેલા છે.

### ડેનમાર્ક વિશે

ડેનમાર્ક એ એક **નોર્ડિક દેશ** છે જે **જર્મની** સાથે **જમીનની સરહદ** ધરાવે છે.

- તેની રાજધાની **કોપનહેગન** છે.
- ડેનમાર્ક **વર્ષ 1973**માં યુરોપિયન યુનિયનનો સભ્ય બન્યું હતું.

1. 'વિશ્વ રેડિયો દિવસ'ની ઉજવણી દર વર્ષે કયારે કરવામાં આવે છે ?
(A) 12 ફેબ્રુઆરી (B) 13 ફેબ્રુઆરી (C) 14 ફેબ્રુઆરી (D) 11 ફેબ્રુઆરી (B)

2. 'વિશ્વ રેડિયો દિવસ'ની ઉજવણી માટેનો પ્રસ્તાવ કયા દેશ દ્વારા મૂકવામાં આવ્યો હતો ?
(A) ફ્રાંસ (B) ઈટાલી (C) જર્મની (D) સ્પેન (D)

3. 'વિશ્વ રેડિયો દિવસ 2021'ની થીમ કઈ ત્રણ પેટા થીમોમાં વહેંચવામાં આવી છે. જે બાબતે સાચા વિકલ્પો પસંદ કરો ?
1. EVOLUTION
2. INNOVATION
3. CONNECTION
4. TRANSFORMATION
(A) 1, 2, 4 (B) 1, 2, 3 (C) 2, 3, 4 (D) 1, 3, 4 (B)

4. 'સમગ્ર શિક્ષા સ્કિમ' અંતર્ગત ભંડોળ મેળવતી શાળાઓનું નામ તાજેતરમાં 'નેતાજી સુભાષચંદ્ર બોઝ નિવાસી શાળા/છાત્રાલય' કરવાની જાહેરાત કરવામાં આવી છે, જે બાબતે સાચા વિધાનો ચકાસો ?
1. આ અંગેની જાહેરાત કેન્દ્રના શિક્ષણ મંત્રાલયે કરી છે.
2. આ અંતર્ગત કુલ 1063 વિદ્યાલયોનું નામ બદલવામાં આવશે.
3. 'સમગ્ર શિક્ષા સ્કિમ'નો લક્ષ્યાંક વર્ષ 2030 સુધીમાં સસ્ટેનેબલ ડેવલપમેન્ટ ગોલ 4 માં નિર્ધારીત 'ગુણવત્તાયક્ત શિક્ષણ'ને પ્રાપ્ત કરવાનો છે.
(A) 1, 2, 3 (B) 2, 3 (C) 1, 3 (D) 1, 2 (A)

5. વિશ્વના પ્રથમ ઊર્જા ટાપુનું નિર્માણ કયા દેશમાં કરવામાં આવશે ?
(A) ફ્રાંસ (B) નોર્વે (C) સ્વિડન (D) ડેનમાર્ક (D)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## ગુજરાત

➤ **ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સના ADR સેન્ટરનું સુપ્રીમકોર્ટના જસ્ટિસ શ્રી એમ. આર. શાહ અને ગૃહરાજ્યમંત્રી શ્રી પ્રદીપસિંહ જાડેજાએ ઉદ્દઘાટન કર્યું**
ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સના આર્બિટ્રેશન મીડિયેશન અને ઓલ્ટરનેટિવ ડિસ્પુટ રિસોલ્યુશન (ADR) સેન્ટરનું સુપ્રીમ કોર્ટના જસ્ટિસ શ્રી એમ. આર. શાહ અને ગૃહરાજ્યમંત્રી શ્રી પ્રદીપસિંહ જાડેજાના હસ્તે ઉદઘાટન કરવામાં આવ્યું હતું.

➤ **ગુજરાત હાઈકોર્ટના હિરક મહોત્સવ નિમિત્તે (60મુ વર્ષ) વીડિયો કોન્ફરન્સથી વડાપ્રધાનશ્રીનું સંબોધન**
ગુજરાત હાઈકોર્ટના હિરક મહોત્સવની ઉજવણી પ્રસંગે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ વીડિયો કોન્ફરન્સથી ખાસ ટપાલ ટિકિટ પ્રસિદ્ધ કરી સંબોધન કર્યું હતું. બૃહદ મુંબઈ રાજ્યથી અલગ થઈ ગુજરાત રાજ્યની સ્થાપનાની સાથે વર્ષ 1960માં ગુજરાત હાઈકોર્ટની સ્થાપના પણ થઈ હતી. જેની ઉજવણીના ભાગરૂપે દેશના ટપાલ વિભાગ દ્વારા ગુજરાત હાઈકોર્ટની ટપાલ ટિકિટ લોન્ચ કરવામાં આવી છે અને તેનું અનાવરણ વડાપ્રધાનશ્રીના હસ્તે કરવામાં આવ્યું હતું.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

➤ **દેશની પ્રથમ સ્ટેનોગ્રાફી શીખવાડતી એપ ગાંધીનગર ખાતે લોન્ચ કરવામાં આવી**
ગુજરાતના પાટનગર ગાંધીનગર ખાતે રાજ્યના આરોગ્ય વિભાગના એડિશનલ ચીફ સેક્રેટરી ડો. જયંતિ રવિની ઉપસ્થિતિમાં લોન્ચ કરવામાં આવી હતી. ઘરે બેઠાં હિન્દી, ગુજરાતી અને અંગ્રેજી શીખવાડતી આ એપ સ્ટેનોગ્રાફી શીખવતી દેશની પ્રથમ એપ હોવાનું માનવામાં આવે છે. દેશમાં પ્રથમ વખત બનેલી સ્ટેનોગ્રાફી એપ્લિકેશનને શ્રી પ્રવિણ જોશીએ તૈયાર કરી છે.

## ભારત

➤ **પંજાબ રાજ્ય સરકાર દ્વારા 'હર ઘર પાની, હર ઘર સફાઈ' મિશન શરૂ કરવામાં આવ્યું**

પંજાબના મુખ્યમંત્રી શ્રી કેપ્ટન અમરિંદર સિંહે 'હર ઘર પાની, હર ઘર સફાઈ' મિશનની વર્ચ્યુઅલ શરૂઆત કરી છે. આ મિશન માર્ચ 2022 સુધીમાં તમામ ગ્રામીણ ઘરોમાં 100 ટકા પીવાલાયક પાણીના સપ્લાયના લક્ષ્યાંકને પૂર્ણ કરવાના સરકારના અભિયાનનો એક ભાગ છે.

➤ **ભારતનું પ્રથમ સેન્ટર ફોર વેટલેન્ડ કન્ઝર્વેશન એન્ડ મેનેજમેન્ટ ચેન્નાઈમાં સ્થાપવવામાં આવશે**

કેન્દ્ર સરકારે તાજેતરમાં જાહેરાત કરી છે કે તે ટૂંક સમયમાં તમિલનાડુના ચેન્નાઈ ખાતે ભારતનું પ્રથમ સેન્ટર ફોર વેટલેન્ડ કન્ઝર્વેશન એન્ડ મેનેજમેન્ટ (CWCM)ની સ્થાપના કરશે. આ કન્ઝર્વેશન સેન્ટર નેશનલ સેન્ટર ફોર સસ્ટેનેબલ કોસ્ટલ મેનેજમેન્ટનો એક ભાગ હશે. તેમજ તે કેન્દ્રીય પર્યાવરણ, વન અને આબોહવા પરિવર્તન મંત્રાલય હેઠળની સંસ્થા તરીકે કાર્ય કરશે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

➤ **ભારતનું પ્રથમ 'એમ્પ્યુટી ક્લિનીક' ચંદીગઢ ખાતે લોન્ચ કરવામાં આવ્યું**

PGIMER, ચંદીગઢ દ્વારા દેશનું પ્રથમ 'PGI એમ્પ્યુટી ક્લિનીક' ચંદીગઢ ખાતે શરૂ કરવામાં આવ્યું છે. આ ક્લિનીકનું ઉદ્ઘાટન PGIMERના ડિરેક્ટર પ્રોફેસર જગતરામ દ્વારા કરવામાં આવ્યું છે.

➤ **કેરળમાં પ્રથમ હ્યુમન મિલ્ક બેંક શરૂ કરવામાં આવી**

5 ફેબ્રુઆરી, 2021ના રોજ **કોચીની એર્નાકુલમ જનરલ હોસ્પિટલ** ખાતે **કેરળના આરોગ્ય મંત્રી કે. કે. શૈલજા** દ્વારા હ્યુમન મિલ્ક બેંકનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું છે. રોટરી ક્લબ ઓફ કોચીન ગ્લોબલના સહયોગથી કેરળની પ્રથમ હ્યુમન મિલ્ક બેંકની સ્થાપના કરવામાં આવી છે નવજાત બાળકની માતા બીમાર અથવા મૃત્યુ પામ્યા હોય તેવા બાળકો માટે દૂધની ઉપલબ્ધતા આ બેંક સુનિશ્ચિત કરશે.

➤ **રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા દ્વારા 'નાણાકીય સાક્ષરતા સપ્તાહ 2021'ની ઉજવણી કરવામાં આવી**

રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા દ્વારા 8 ફેબ્રુઆરી, 2021 થી નાણાકીય સાક્ષરતા સપ્તાહની ઉજવણી કરવામાં આવી હતી. આ વર્ષની આ સપ્તાહની થીમ **'ધિરાણ શિસ્ત અને ઔપચારિક સંસ્થાઓ પાસેથી ધિરાણ'** છે. રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા દ્વારા **વર્ષ 2016**થી નાણાકીય સાક્ષરતા સપ્તાહ ઉજવવામાં આવે છે.

➤ **દેશનો પ્રથમ જિયોથર્મલ પ્રોજેક્ટ ONGC લદ્દાખમાં વિકસાવશે**

જાહેરક્ષેત્રની કંપની ઓઈલ એન્ડ નેચરલ ગેસ કોર્પોરેશન લિમિટેડ (ONGC) એ લદ્દાખમાં દેશનો પ્રથમ જિયોથર્મલ ફિલ્ડ ડેવલપમેન્ટ પ્રોજેક્ટ શરૂ કરવાની જાહેરાત કરી છે. આ અંગેના MoU ONGC એનર્જી સેન્ટર, કેન્દ્રશાસિત પ્રદેશ લદ્દાખ અને લેહના સ્વાયતત્તા હિલ ડેવલપમેન્ટ કાઉન્સિલ વચ્ચે કરવામાં આવ્યા હતા. જિયોથર્મલ ઊર્જા સ્વચ્છ અને 24 કલાક ઉપલબ્ધ છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

➤ **રાજ્યસભામાં જમ્મુ કાશ્મીર પુનર્ગઠન (સંશોધન) વિધેયકને મંજૂરી**

જમ્મુ કાશ્મીર પુનર્ગઠન (સંશોધન) વિધેયકને તાજેતરમાં રાજ્યસભામાં મંજૂરી મળી ગઈ છે. આ સંશોધન વિધેયક હેઠળ હવે જમ્મુ કાશ્મીર પ્રશાસનિક સેવાનો અરૂણાચલ પ્રદેશ, ગોવા, મિઝોરમ અને કેન્દ્રશાસિત પ્રદેશના કેડર (AGMUT)માં વિલય કરવામાં આવ્યો છે. જમ્મુ કાશ્મીર પુનર્ગઠન (સંશોધન) વિધેયક અખિલ ભારતીય સેવાના અધિકારીઓની કેડર સંબંધિત છે.

➤ **દિલ્હી સરકાર દ્વારા 'સ્વીચ દિલ્હી' અભિયાન શરૂ કરવામાં આવ્યું**

4 ફેબ્રુઆરી, 2021ના રોજ દિલ્હીના મુખ્યમંત્રી **શ્રી અરવિંદ કેજરીવાલ** દ્વારા **'સ્વીચ દિલ્હી' અભિયાન** લોન્ચ કરવામાં આવ્યું છે. દિલ્હીમાં ઈલેક્ટ્રિક વાહનોના ઉપયોગને પ્રોત્સાહન આપવા માટે અભિયાન શરૂ કરવામાં આવ્યું છે. આ અભિયાનની મદદથી દિલ્હીમાં વાયુ પ્રદૂષણ સામે લડવામાં મદદ મળશે.

➤ **ગૃહ અને શહેરી બાબતોના મંત્રાલયે ઝોમાટો સાથે પીએમ-સ્વનિધિ યોજના અંતર્ગત MoU પર હસ્તાક્ષર કર્યા**

આ MoUની મદદથી સ્ટ્રીટ ફૂડ વિક્રેતાઓને વ્યવસાયમાં વૃદ્ધિ કરવામાં મદદ મળશે. PM SVANidhiનું પૂરુંનામ 'પ્રાઈમ મિનિસ્ટર સ્ટ્રીટ વેન્ડર્સ આત્મનિર્ભર નિધિ' સ્કીમ છે. તેની મદદથી સ્ટ્રીટ ફૂડ વિક્રેતાઓને ઓનલાઈન ગ્રાહકો મેળવવામાં લાભ થશે.

➤ **પાકિસ્તાને તેની નવી સપાટીથી સપાટી પર પ્રહાર કરી શકતી બેલેસ્ટિક મિસાઈલ 'ગઝનવી'નું સફળતાપૂર્વક પરીક્ષણ હાથ ધર્યું**

3 ફેબ્રુઆરી, 2021ના રોજ પાકિસ્તાન દ્વારા તેની પરમાણુ સક્ષમ સપાટીથી સપાટી પર પ્રહાર કરી શકતી બેલેસ્ટિક મિસાઈલ 'ગઝનવી'નું સફળતાપૂર્વક પરીક્ષણ હાથ ધરવામાં આવ્યું હતું. આ બેલેસ્ટિક મિસાઈલ 290 કિ.મી. સુધીની રેન્જ ધરાવે છે. તે સપાટીથી સપાટી પર પ્રહાર કરી શકતી ટૂંકા અંતરની બેલેસ્ટિક મિસાઈલ છે. આ મિસાઈલ પાકિસ્તાનની સંસ્થા નેશનલ ડેવલપમેન્ટ કોમ્પલેક્ષ દ્વારા ડિઝાઈન અને તૈયાર કરવામાં આવી છે. આ મિસાઈલની ડિઝાઈન પર ચાઈનીઝ મિસાઈલ M-11નો પ્રભાવ જોવા મળે છે.

ICE ® INSTITUTE FOR COMPETITIVE EXAMS

➤ **કેન્દ્ર સરકારે બૌદ્ધિક સંપત્તિ સાક્ષરતા અને પેટન્ટ જાગૃતિ માટે 'KAPILA' અભિયાન શરૂ કર્યું**

કેન્દ્ર સરકારે બૌદ્ધિક સંપત્તિ સાક્ષરતા અને પેટન્ટ પ્રગૃતિ માટે 'કલામ પ્રોગ્રામ ફોર ઈન્ટેલેક્ચ્યુઅલ પ્રોપર્ટી લિટરેસી એન્ડ અવેરનેસ કેમ્પેઈન (KAPILA)' શરૂ કર્યું છે. કેન્દ્ર સરકારે 15 ઓક્ટોબર, 2020ના રોજ KAPILA અભિયાન શરૂ કર્યું છે. આ અંગેની માહિતી રાજ્યસભામાં 4 ફેબ્રુઆરી, 2021ના રોજ કેન્દ્રીય શિક્ષણ મંત્રી શ્રી રમેશ પોખરીયાલ 'નિશંક' દ્વારા લેખિતમાં આપવામાં આવી હતી.

➤ **શ્રી વિલ્લીપુથુર-મેઘમલાઈ ખાતે તમિલનાડુનો પાંચમો ટાઈગર રિઝર્વ બનશે**

નેશનલ ટાઈગર કન્ઝર્વેશન ઓથોરિટી (NTCA) એ તાજેતરમાં તમિલનાડુના પાંચમા ટાઈગર રિઝર્વને મંજૂરી આપી છે. આ ટાઈગર રિઝર્વ તમિલનાડુના મેઘમલાઈ અને શ્રી વિલ્લીપુથુર ગ્રીઝલ્ડ ખિસકોલી વન્યપ્રાણી અભયારણ્યની આસપાસ તૈયાર કરવામાં આવશે.

➤ **COBRA કમાન્ડો યુનિટમાં પ્રથમ વખત મહિલા ટીમનો સમાવેશ**

તાજેતરમાં 34 CRPF (Central Reserve Police force) મહિલા કર્મચારીઓની એક ટીમનો COBRA (Commando Battalion for Resolute Action) કમાન્ડો યુનિટમાં પ્રથમ વખત સમાવેશ કરવામાં આવ્યો છે. આ ટીમને હવે ભારતના નકસલ વિરોધી ઓપરેશન ગ્રીડમાં તૈનાત કરવામાં આવશે. COBRAએ ભારતના સેન્ટ્રલ રિઝર્વ પોલીસ ફોર્સનું વિશેષ ઓપરેશન યુનિટ છે તે ગેરીલા રણનીતિ અને જંગલ યુદ્ધમાં કુશળ હોય છે. નકસલી સમસ્યાઓનો સામનો કરવા માટે વર્ષ 2009માં COBRA કમાન્ડો યુનિટની સ્થાપના કરવામાં આવી હતી.

➤ **ભારતના પ્રથમ થંડરસ્ટોર્મ રિસર્ચ ટેસ્ટબેડની સ્થાપના ઓડિશાના બાલાસોર ખાતે કરવામાં આવશે**

આ અંગેની જાહેરાત ભારતના હવામાન વિભાગના ડાયરેક્ટર જનરલ શ્રી ડો. મૃત્યુંજય મહાપાત્રાએ કરી હતી. તેમણે મધ્યપ્રદેશના ભોપાલ નજીક મોનસુન ટેસ્ટબેડની સ્થાપનાની પણ જાહેરાત કરી હતી. મોનસુન ટેસ્ટ બેડ તેના પ્રકારનો પ્રથમ પ્રોજેક્ટ છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

➤ **ઈસરોમાં પ્રથમવાર સેટેલાઈટનું પ્રાઈવેટ ટેસ્ટિંગ કરાયું**

ભારતની અવકાશ સંશોધન સંસ્થા ઈન્ડિયન સ્પેસ રિસર્ચ ઓર્ગેનાઈઝેશન (ISRO) દ્વારા <u>50 વર્ષમાં પ્રથમવાર</u> બે ખાનગી કંપનીઓના માધ્યમથી પ્રાઈવેટ સેટેલાઈટનું ટેસ્ટિંગ કરવામાં આવ્યું છે. ભારતીય <u>સ્ટાર્ટઅપ્સ સ્પેસકિડ્ઝ ઈન્ડિયા</u> અને <u>પિક્સલ</u> દ્વારા બેંગાલુરુ ખાતેના <u>યૂ આર રાવ સેટેલાઈટ સેન્ટર</u> ખાતે બે સેટેલાઈટનું ટેસ્ટિંગ કરવામાં આવ્યું હતું. ઈસરોએ ગયા વર્ષે જૂન મહિનામાં સ્પેસ સેકટરને ખાનગી કંપનીઓ માટે ખુલ્લું મૂકવાની જાહેરાત કરી હતી. ખાનગી કંપનીઓ દ્વારા કરવામાં આવનાર સ્પેસ એકિટવિટી પર નજર અને દેખરેખ રાખવા માટે ઈસરો દ્વારા સ્વતંત્ર સંસ્થા <u>ઈન્ડિયન નેશનલ સ્પેસ પ્રમોશન એન્ડ</u> ઓથોરાઈઝેશન સેન્ટર <u>(IN-SPACe)</u>ની સ્થાપના કરવામાં આવી છે.

➤ **રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા રૂ. 20,000 કરોડના ખર્ચે ઓપન માર્કેટ ઓપરેશન્સ (OMO) હાથ ધરશે**

રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા એ તાજેતરમાં જાહેરાત કરી છે કે તે રૂ. 20,000 કરોડના ખર્ચે ચાર ગવર્નમેન્ટ સિક્યોરિટીઝ (G-Sec) ખરીદશે. આ સમગ્ર પ્રક્રિયા RBI ઓપન માર્કેટ ઓપરેશન્સ (OMO) હેઠળ હાથ ધરશે. ઓપન માર્કેટ ઓપરેશન્સ એ RBI દ્વારા બજારમાં આવતી સરકારી સિક્યોરિટીઝની ખરીદી અથવા વેચાણ છે. તેના દ્વારા RBI બજારમાં રહેલી પ્રવાહિતા (Liquidity)ને નિયંત્રિત કરે છે.

## વિશ્વ

➤ **નાઈજિરિયાના સુશ્રી એનગોઝી ઓકોંજો આઈવિલા WTOના પ્રથમ આફ્રિકન મહિલા ડિરેક્ટર જનરલ બનશે**

નાઈજિરિયાના સુશ્રી એનગોઝી ઓકોંજો આઈવિલા વર્લ્ડ ટ્રેડ ઓર્ગેનાઈઝેશન (WTO)માં ઈતિહાસ રચશે અને તેઓ વર્લ્ડ ટ્રેડ ઓર્ગેનાઈઝેશનના આગામી ડિરેક્ટર જનરલ બનનાર પ્રથમ આફ્રિકન મહિલા બન્યા છે.

➤ **મ્યાનમારમાં સૈન્યએ રાજ્ય વહીવટી પરિષદની શરૂઆત કરી**

મ્યાનમારમાં લશ્કરી શાસન દ્વારા નવી રાજ્ય વહીવટી પરિષદની સ્થાપનાની જાહેરાત કરવામાં આવી છે. આ રાજ્ય વહીવટી પરિષદનું નેતૃત્વ આર્મી ચીફ જનરલ મીન ઓન્ગ હલેઈન્ગ દ્વારા કરવામાં આવશે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ICE ? Questions

- ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સના ADR સેન્ટરનું ઉદ્દઘાટન તાજેતરમાં કોના દ્વારા કરવામાં આવ્યું હતું ?
  – સુપ્રીમ કોર્ટના જસ્ટિસ શ્રી એમ. આર. શાહ અને ગૃહ રાજ્યમંત્રી શ્રી પ્રદિપસિંહ જાડેજા દ્વારા
- ગુજરાત હાઈકોર્ટની સ્થાપનાની તાજેતરમાં કઈ ઉજવણી કરવામાં આવી હતી ?
  – હિરક મહોત્સવ (ગુજરાત હાઈકોર્ટની સ્થાપનાનું 60મું વર્ષ)
- ગુજરાત હાઈકોર્ટના હિરક મહોત્સવ નિમિત્તે ટપાલ ટિકિટનું અનાવરણ તાજેતરમાં કોના હસ્તે કરવામાં આવ્યું હતું ? – વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના હસ્તે
- દેશની પ્રથમ સ્ટેનોગ્રાફી શીખવાડતી એપનું લોન્ચિંગ તાજેતરમાં ગુજરાતના કયા શહેરમાં કરવામાં આવ્યું હતું ? – ગાંધીનગર
- દેશની પ્રથમ સ્ટેનોગ્રાફી શીખવાડતી એપ કોના દ્વારા તૈયાર કરવામાં આવી છે ?
  – શ્રી પ્રવિણ જોશી દ્વારા
- તાજેતરમાં ભારતના કયા રાજ્ય દ્વારા 'હર ઘર પાની, હર ઘર સફાઈ' મિશન શરૂ કરવામાં આવ્યું છે ? – પંજાબ
- ભારતનું પ્રથમ સેન્ટર ફોર વેટલેન્ડ કન્ઝર્વેશન એન્ડ મેનેજમેન્ટ કયા સ્થાપવામાં આવશે ?
  – ચેન્નાઈ
- તાજેતરમાં ભારતનું પ્રથમ 'એમ્પ્યુટી કિલનીક' કયા લોન્ચ કરવામાં આવ્યું ? – ચંદીગઢ
- કેરળમાં પ્રથમ હ્યુમન મિલ્ક બેંક કઈ હોસ્પિટલમાં ખોલવામાં આવી ?
  – કોચીની એર્નાકુલમ જનરલ હોસ્પિટલ ખાતે
- રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા દ્વારા નાણાકીય સાક્ષરતા સપ્તાહ 2021ની ઉજવણી કઈ થીમ અંતર્ગત કરવામાં આવી ?– 'ધિરાણ શિસ્ત અને ઔપચારિક સંસ્થાઓ પાસેથી ધિરાણ'
- દેશનો પ્રથમ જિયોથર્મલ પ્રોજેકટ ONGC દ્વારા કયા સ્થાપવામાં આવશે ? – લદ્દાખ
- દિલ્હી સરકાર દ્વારા 'સ્વીચ દિલ્હી' અભિયાન શા માટે શરૂ કરવામાં આવ્યું ?
  – દિલ્હીમાં ઈલેકિટ્રક વાહનોના ઉપયોગને પ્રોત્સાહન આપવા
- તાજેતરમાં કયા કેન્દ્રીય મંત્રાલયે ઝોમાટો સાથે પીએમ–સ્વનિધિ યોજના અંતર્ગત MoU

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

ICE Questions

પર હસ્તાક્ષર કર્યા ? – કેન્દ્રીય ગૃહ અને શહેરી બાબતોના મંત્રાલય

➤ કેન્દ્ર સરકારે બૌદ્ધિક સંપત્તિ સાક્ષરતા અને પેટન્ટ જાગૃતિ માટે કયુ અભિયાન શરૂ કર્યુ ? – KAPILA અભિયાન

➤ 'KAPILA' પૂરું નામ જણાવો ?
– કલામ પ્રોગ્રામ ફોર ઈન્ટેલેકચ્યુઅલ પ્રોપર્ટી લિટરેસી એન્ડ અવેરનેસ કેમ્પેઈન

➤ શ્રી વિલ્લીપુથુર – મેઘમલાઈ ખાતે તમિલનાડુનો કેટલામો ટાઈગર રિઝર્વ બનશે ? – પાંચમો

➤ ભારતના પ્રથમ થંડરસ્ટોર્મ રિસર્ચ ટેસ્ટ બેડની સ્થાપના કયા કરવામાં આવશે ? – ઓડિશાના બાલાસોર ખાતે

➤ તાજેતરમાં ઈસરોમાં પ્રથમવાર સેટેલાઈટનું પ્રાઈવેટ ટેસ્ટિંગ કરવામાં આવ્યું હતું, તેમાં કઈ બે કંપનીઓ સંકળાયેલી હતી ? – ભારતીય સ્ટાર્ટ અપ્સ સ્પેસકિડ્ઝ ઈન્ડિયા અને પિકસલ

➤ તાજેતરમાં ઈસરોમાં પ્રથમવાર સેટેલાઈટનું પ્રાઈવેટ ટેસ્ટિંગ કયા કરવામાં આવ્યું હતું ? – બેંગાલુરૂ ખાતેના યૂ આર રાવ સેટેલાઈટ સેન્ટર ખાતે

➤ રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા તાજેતરમાં કેટલા રૂપિયાના ખર્ચે ઓપન માર્કેટ ઓપરેશન્સ (OMO) હાથ ધરશે ? – રૂ. 20,000 કરોડના ખર્ચે

➤ વર્લ્ડ ટ્રેડ ઓર્ગેનાઈઝેશન (WTO) પ્રથમ આફ્રિકન મહિલા ડિરેકટર જનરલ કોણ બનશે ? – નાઈજિરિયાના સુશ્રી એનગોઝી ઓકોંજો

➤ તાજેતરમાં ભારતના કયા પડોશી દેશમાં સૈન્ય દ્વારા રાજ્ય વહીવટી પરિષદની શરૂઆત કરી છે ? – મ્યાનમાર

➤ તાજેતરમાં પાકિસ્તાને સપાટીથી સપાટી પર પ્રહાર કરી શકતી કઈ બેલેસ્ટિક મિસાઈલનું સફળતાપૂર્વક પરીક્ષણ હાથ ધર્યુ છે ? – ગઝનવી

➤ પાકિસ્તાનની બેલેસ્ટિક મિસાઈલ ગઝનવી પર ચાઈનાની કઈ મિસાઈલનો પ્રભાવ જોવા મળે છે ? – ચાઈનીઝ મિસાઈલ M-11

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

1. 'ધ લિટલ બુક ઓફ એન્કરેજમેન્ટ' એ કોનું પુસ્તક છે ?

– તિબેટીયન આધ્યાત્મિક ગુરૂ શ્રી દલાઈ લામાનું

('ધ લિટલ બુક ઓફ એન્કરેજમેન્ટ'માં 130 અવતરણોનો સમાવેશ કરવામાં આવ્યો છે. આ પુસ્તકને સુશ્રી રેણુકા સિંહ દ્વારા સંપાદિત કરવામાં આવ્યું છે જ્યારે પેન્ગ્વીન રેન્ડમ હાઉસ દ્વારા તે પ્રકાશિત કરવામાં આવ્યું છે. શ્રી તેનઝિન ગ્યાલ્સો એ વર્તમાન અને 14મા દલાઈ લામાનું પદ ધરાવે છે.)

2. 'કેરલા લુકસ અહેડ' ગ્લોબલ કોન્કલેવનું ઉદઘાટન તાજેતરમાં કોના દ્વારા કરવામાં આવ્યું હતું ?

– કેરળના મુખ્યપ્રધાન શ્રી પિનરાઈ વિજયન દ્વારા

3. તાજેતરમાં ભારતના કયા પડોશી દેશમાં એક વર્ષ માટે કટોકટી લાદવામાં આવી છે ?

– મ્યાનમારમાં

4. ટાટા સ્ટીલ માસ્ટર્સ ચેસ ટૂર્નામેન્ટમાં તાજેતરમાં વિજેતા કોણ બન્યું છે ?

– શ્રી જોર્ડન વેન ફોરેસ્ટ

5. તાજેતરમાં કયો દેશ વર્લ્ડ હેન્ડ બોલ ટાઈટલના પુરૂષ વર્ગમાં વિજેતા બન્યો છે ?

– ડેનમાર્ક

6. 'Race with me' પુસ્તક કોના દ્વારા લખવામાં આવી રહ્યું છે ?

–કેનેડાના સ્પ્રિન્ટર આંદ્રે ડી ગ્રાસે દ્વારા

7. તાજેતરમાં ટેસ્ટ ક્રિકેટમાં પોતાની ડેબ્યૂ મેચમાં જ બેવડી સદી ફટકારનાર વેસ્ટ ઈન્ડીઝના ક્રિકેટરનું નામ જણાવો ?

– શ્રી કાયલ માયર્સ

(શ્રી કાયલ માયર્સ પ્રથમ જ ટેસ્ટમાં બેવડી સદી ફટકારનારા વિશ્વના છઠ્ઠા બેટ્સમેન બન્યા છે. ટેસ્ટ ક્રિકેટમાં પ્રથમ જ ટેસ્ટમાં બેવડી સદી ફટકારનાર વિશ્વના પ્રથમ ખેલાડી ઈંગ્લેન્ડના શ્રી રેગ ફોસ્ટર છે.)

8. ગુણવત્તા અને ઉત્પાદકતા પર ધ્યાન કેન્દ્રીત કરવા માટે ઉદ્યોગ મંથનનું આયોજન કયા મંત્રાલય દ્વારા કરવામાં આવી રહ્યું છે ?

– કેન્દ્રીય વાણિજ્ય મંત્રાલય

(ઉદ્યોગ મંથન કાર્યક્રમ અંતર્ગત કેન્દ્રીય વાણિજ્ય મંત્રાલય ફાર્મા અને ઈલેકટ્રોનિકસ ક્ષેત્ર

ICE ® INSTITUTE FOR COMPETITIVE EXAMS

JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

સહિત લગભગ 45 ક્ષેત્રો પર ધ્યાન કેન્દ્રીત કરી રહયું છે.)

9. નીતિ આયોગે તાજેતરમાં કયા શીર્ષક અંતર્ગત લિટલ આંદામાન માટેની યોજનાની જાહેરાત કરી છે ?

– "Sustainable Development of Little Andaman Island vision Document'

(વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ વર્ષ 2020માં જાહેરાત કરી હતી કે આંદામાન અને નિકોબાર ટાપુઓને 'મેરિટાઈમ એન્ડ સ્ટાર્ટ અપ હબ' તરીકે વિકસાવવામાં આવશે. લિટલ આંદામાનએ આંદામાન જૂથનો ચોથો સૌથી મોટો ટાપુ છે.)

10. 'ઓકસફર્ડ હિન્દી વર્ડ ઓફ યર 2020' તરીકે કયા શબ્દની પસંદગી કરવામાં આવી છે ?

– 'આત્મનિર્ભરતા'

(ઓકસફર્ડ હિન્દી વર્ડ ઓફ યર 2019 તરીકે 'સંવિધાન', ઓકસફોર્ડ હિન્દી વર્ડ ઓફ યર 2018 તરીકે 'નારીશકિત' અને ઓકસફર્ડ હિન્દી વર્ડ ઓફ યર 2017 તરીકે 'આધાર' શબ્દને જાહેર કરવામાં આવ્યો હતો.)

11. ભારતમાં પત્રકારો સામે થયેલા દેશદ્રોહના કેસ પાછા ખેંચવાની હાકલ તાજેતરમાં કઈ આંતરરાષ્ટ્રીય સંસ્થા દ્વારા કરવામાં આવી છે ?

– કોમનવેલ્થ હ્યુમન રાઈટ્સ ઈનિશિયેટીવ (CHRI)

(કોમનવેલ્થ હ્યુમન રાઈટ્સ ઈનિશિયેટીવ (CHRI) એ એક પ્રકારની NGO છે જે કોમનવેલ્થ દેશોમાં માનવાધિકારનો પ્રચાર અને બચાવના કાર્યો કરે છે. તેની સ્થાપના વર્ષ 1987માં કરવામાં આવી હતી અને તેનું મુખ્યમથક નવી દિલ્હી ખાતે આવેલું છે.)

12. ટેસ્ટ ક્રિકેટમાં 300 વિકેટ પૂરી કરનાર ભારતના ત્રીજા પેસ બોલર તરીકે તાજેતરમાં કયા ખેલાડીએ સિદ્ધિ મેળવી છે ? – શ્રી ઈશાન્ત શર્મા

13. જાન્યુઆરી મહિનાના શ્રેષ્ઠ ICC પ્લેયરનો એવોર્ડ તાજેતરમાં કયા ખેલાડીને આપવામાં આવ્યો ? – શ્રી રિશભ પંતને

(દર મહિનાના બીજા સોમવારે ICC દ્વારા મહિનાના શ્રેષ્ઠ ખેલાડી માટેના એવોર્ડની જાહેરાત કરવામાં આવશે. મેન્સ તથા વિમેન્સ ક્રિકેટની દરેક કેટેગરીમાં ત્રણ નોમિનેશન રહેશે અને

INSTITUTE FOR COMPETITIVE EXAMS

તેમાંથી ICCની એવોર્ડ સમિતિ દ્વારા વિજેતા ખેલાડીની પસંદગી કરવામાં આવશે. ક્રિકેટ ફેન્સ ઉપરાંત સમગ્ર વિશ્વમાંથી ભૂતપૂર્વ ખેલાડીઓ, બ્રોડકાસ્ટર્સ અને પત્રકારોની પેનલ સાથે મળીને વિજેતા ખેલાડીની પસંદગી કરશે.)

14. ગુજરાતની કઈ યુનિવર્સિટીમાં જર્મન, ફ્રેન્ચ, જાપાનીઝ, અરેબિક સહિત વિવિધ ભાષાની લેબ ખોલવામાં આવશે ? – સૌરાષ્ટ્ર યુનિવર્સિટી

15. કાલિવેલી વેટલેન્ડ્સ કયા રાજ્યમાં આવેલ છે ? – તમિલનાડુ

(તાજેતરમાં તમિલનાડુના વિલ્લીપુરમ જિલ્લા વહીવટી તંત્રે વન્યપ્રાણી સંરક્ષણ અધિનિયમ, 1972 હેઠળ કાલિવેલી વેટલેન્ડ્સને પક્ષી અભ્યારણ્ય તરીકે જાહેર કરવા માટે જાહેરનામું પ્રસિદ્ધ કર્યું હતું.)

16. તાજેતરમાં નેશનલ કમિન ફોર પ્રોટેક્શન ઓફ ચાઈલ્ડ રાઈટ્સ (NCPCR) દ્વારા ધાર્મિક સ્થળોએ બાળ મજૂરી નાબૂદ કરવા માટે કેટલા ધાર્મિક સ્થળોની ઓળખ કરવામાં આવી છે ? – 50

(નેશનલ કમિશન ફોર પ્રોટેક્શન ઓફ ચાઈલ્ડ રાઈટ્સ (NCPCR) એ કેન્દ્રીય મહિલા અને બાળવિકાસ મંત્રાલય હેઠળ કાર્યરત સર્વોચ્ચ સંસ્થા છે. તેની સ્થાપના વર્ષ 2007માં કરવામાં આવી હતી અને તેનું મુખ્યમથક નવી દિલ્હી ખાતે આવેલું છે.)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

17. 'શિવાલિક આર્બોરેટમ' નામની વનસ્પતિશાળાની સ્થાપના તાજેતરમાં કયા કરવામાં આવી ? – ઉત્તરાખંડના નૈનીતાલ જિલ્લામાં

(ભારતનો સૌથી મોટો વનસ્પતિ ઉદ્યાન કોલકાત્તામાં આવેલ છે.)

18. કેન્દ્રીય કેબિનેટ દ્વારા તાજેતરમાં કઈ કંપનીના ખાનગીકરણને મંજૂરી આપવામાં આવી ? – રાષ્ટ્રીય ઈસ્પાત નિગમ લિમિટેડ (RINL)

(રાષ્ટ્રીય ઈસ્પાત નિગમ લિમિટેડને 'વિઝાગ સ્ટીલ' તરીકે પણ ઓળખવામાં આવે છે. તે એક નવરત્ન પબ્લિક સેક્ટર અંડરટેકીંગ (PPU) છે. તેનું મુખ્યમથક આંધ્રપ્રદેશના વિશાખાપટ્ટનમ ખાતે આવેલું છે. વર્તમાનમાં રાષ્ટ્રીય ઈસ્પાત નિગમ લિમિટેડ (RINL)માં સરકારી ભાગીદારી 100% છે.)

19. બોક્સિંગ ફેડરેશન ઓફ ઈન્ડિયા (BFI)ના અધ્યક્ષ તરીકે તાજેતરમાં કોની નિમણૂક કરવામાં

આવી છે ? – શ્રી અજયસિંહ

20. તાજેતરમાં ડ્રોન્સ માટે કેટલી ગ્રીન ઝોન સાઈટોને મંજૂરી આપવામાં આવી છે ? – 26
(ડ્રોન્સ માટેની ગ્રીન ઝોન સાઈટોની મંજૂરી કેન્દ્રીય ગૃહ મંત્રાલય અને સંરક્ષણ મંત્રાલયે આપી હતી.)

21. કોમન યોગા પ્રોટોકોલ ટ્રેનીંગ પ્રોગ્રામ તાજેતરમાં કયા કેન્દ્રીય મંત્રાલય દ્વારા તૈયાર કરવામાં આવ્યો છે ? – કેન્દ્રીય આયુષ મંત્રાલય

22. સેન્ટ્રલ વિસ્ટા એવન્યુના પુર્નવિકાસની કામગીરી માટે ભૂમિપૂજન તાજેતરમાં કોના દ્વારા કરવામાં આવ્યું હતું ? – કેન્દ્રીય આવાસ અને શહેરી બાબતોના પ્રધાન હરદીપસિંહ પૂરી દ્વારા

23. તાજેતરમાં વીજ ક્ષેત્રમાં સુધારા કરનાર બીજું રાજ્ય કયું બન્યું છે ? – આંધ્રપ્રદેશ
(કેન્દ્રીય નાણાં મંત્રાલયના ખર્ચ વિભાગ દ્વારા વિવિધ સુધારાઓ સૂચવવામાં આવ્યા હતા જે અંતર્ગત સુધારાઓ લાગુ કરનાર પ્રથમ રાજ્ય મધ્યપ્રદેશ હતું. આ સુધારા અંતર્ગત ખેડૂતોને વીજ સબસિડીના લાભો ડાયરેકટ બેનિફિટ ટ્રાન્સફર (DBT) અંતર્ગત તેના ખાતામાં જમા કરવામાં આવે છે. કેન્દ્રીય નાણાં મંત્રાલયે વીજ ક્ષેત્ર માટે વિવિધ સુધારાઓ સૂચવ્યા હતા.)

24. તાજેતરમાં ભારતે કયા દેશ સાથે નવીનીકરણીય ઊર્જા ક્ષેત્ર માટે સંયુકત કાર્યકારી જૂથની પ્રથમ મીટિંગનું આયોજન વર્ચ્યુઅલ રીતે કર્યું હતું ? – બહેરિન
(આ બેઠક દરમિયાન આબોહવા પરિવર્તનના લક્ષ્યોને પહોંચી વળવા માટે નવીનીકરણીય ઊર્જાના મહત્વ પર ભાર મૂકવામાં આવ્યો છે.)

25. તાજેતરમાં થયેલ 'એરો ઈન્ડિયા 2021' અંતર્ગત ભારતીય નૌકાદળ માટે એન્ટિ–ટોર્પિડો ડિફેન્સ સિસ્ટમ 'SHADE' વિકસાવવા માટે કઈ બે કંપની સંયુકત રીતે કાર્ય કરશે ?
– ઈઝરાયેલની ડિફેન્સ ટેક્નોલોજી કંપની રાફેલ એડવાન્સ ડિફેન્સ સિસ્ટમ અને ભારત ડાયનામિકસ લિમિટેડ (BDL)

26. નેશનલ સેફટી કાઉન્સિલના અધ્યક્ષ તરીકે તાજેતરમાં કોની નિમણૂક કરવામાં આવી ?
– L&Tના CEO તથા MD શ્રી એસ. એન. સુબ્રમણિયમની

27. યુનાઈટેડ નેશન્સ દ્વારા 'આંતરરાષ્ટ્રીય માનવ બંધુત્વ દિન'ની ઉજવણી કયારે કરવામાં આવી હતી અને તેની થીમ જણાવો ?

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

– 4 ફેબ્રુઆરીના રોજ 'A Pathway to the Future'ની થીમ અંતર્ગત તેની ઉજવણી કરવામાં આવી હતી.

28. રિઝર્વ બેન્કે તાજેતરમાં આરોગ્ય સેવા પાછળ ખર્ચ કરતા રાજ્યોની યાદી જાહેર કરી, તે મુજબ આરોગ્ય પાછળ સૌથી વધુ ખર્ચ કરતું રાજ્ય કયું છે ? – દિલ્હી
(દિલ્હીએ તેના કુલ બજેટના 11.9% આરોગ્ય સેવાઓ પાછળ ખર્ચ્યા હતા. ગુજરાત આ યાદીમાં સમગ્ર દેશમાં 15માં ક્રમાંકે રહ્યું છે તેમજ ગુજરાતે તેના બજેટના 5.2% આરોગ્ય પાછળ ખર્ચ્યા હતા.)

29. વર્ષ 2019નો વિનોદ ટેવતિયા એવોર્ડ શ્રી મોરારિ બાપુના હસ્તે કોને એનાયત કરવામાં આવ્યો હતો ? – કવિશ્રી યજ્ઞેશ દવે
(આ પુરસ્કાર અમદાવાદ સ્થિત કાવ્ય મુદ્રા સંસ્થા દ્વારા ચિત્રકૂટધામ તલગાજરડા ખાતે આપવામાં આવ્યો હતો.)

30. વર્ષ 2020નો યુવા કવિ પુરસ્કાર શ્રી મોરારિબાપુના હસ્તે કોને એનાયત કરવામાં આવ્યો હતો ? – કવિશ્રી ભાવેશ ભટ્ટને

31. ભારતની સ્ટાર મહિલા સ્પ્રિન્ટર હિમાદાસની તાજેતરમાં આસામમાં કયા હોદ્દા પર વરણી કરવામાં આવી છે ? – ડેપ્યુટી સુપરિન્ટેન્ડેન્ટ ઓફ પોલીસ (DSP)
('ઢિંગ એકસપ્રેસ' તરીકે જાણીતી સુશ્રી હિમાદાસ IAAF વર્લ્ડ અંડર-20 ચેમ્પિયનશિપમાં ગોલ્ડ મેડલ જીતનાર એકમાત્ર ભારતીય મહિલા સ્પ્રિન્ટર છે.)

32. ફેમિના મિસ ઈન્ડિયા 2020નો ખિતાબ તાજેતરમાં કોણે જીત્યો હતો ? – સુશ્રી માનસા વારાણસી (તેલંગાણા)
(સુશ્રી માનસા વારાણસી ડિસેમ્બર, 2021માં યોજાનારી 70મી મિસ વર્લ્ડ પીજન્ટમાં ભારતનું પ્રતિનિધિત્વ કરશે.)

33. મિનિસ્ટ્રી ઓફ કોર્પોરેટ અફેયર્સ (MCA) નાણાકીય વર્ષ 2021-22માં ડેટા એનાલિટિકસ માટે MCA 21 વર્ઝન 3.0 કયા સુધીમાં લોન્ચ કરશે ? – ઓક્ટોબર, 2021 સુધીમાં
(MCA 21 વર્ઝન 3.0 સિસ્ટમએ ભારતનો મિશન મોડ ઈ–ગવર્નન્સ પ્રોજેકટ છે. આ પ્રોજેકટનો હેતુ ભારતના કોર્પોરેટ રેગ્યુલેટરી વાતાવરણમાં પરિવર્તન લાવવાનો છે. આ પ્રોજેકટ

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

L & T ઈન્ફોટેક દ્વારા સંચાલિત કરવામાં આવશે.)

34. 'ચાહ બાગીચા ધન પુરસ્કાર' યોજના કયા રાજ્યની યોજના છે ? – આસામ

(આ યોજના અંતર્ગત આસામ રાજ્ય સરકાર ચાના બગીચાના કામદારોને આર્થિક સહાય પૂરી પાડે છે. ચાહ બાગીચા ધન પુરસ્કાર યોજનાનો ત્રીજો તબક્કો તાજેતરમાં 6 ફેબ્રુઆરી, 2021ના રોજ આસામના ગુવાહાટી ખાતે યોજાયો હતો. આ કાર્યક્રમમાં કેન્દ્રીય નાણાંપ્રધાન સુશ્રી નિર્મલા સીતારામન ઉપસ્થિત રહયા હતા.)

35. કેન્દ્રીય મત્સ્ય ઉદ્યોગ પ્રધાન શ્રી ગિરિરાજ સિંહે ગોવાને ભારતનું મત્સ્ય ઉદ્યોગ કેન્દ્ર બનાવવા માટે ગોવામાં કેટલા રૂપિયાના રોકાણની જાહેરાત કરી હતી ? – રૂ. 400 કરોડ

36. નીતિ આયોગે તાજેતરમાં કઈ સંસ્થાને સુપ્રીમ કોર્ટ, હાઈકોર્ટ અને અર્ધ–ન્યાયિક સંસ્થાઓ દ્વારા આપવામાં આવતા ચુકાદાઓના 'આર્થિક અસર'નો અભ્યાસ કરવા માટેનો આદેશ આપ્યો છે ?

– જયપુર સ્થિત કન્ઝયુમર યુનિટી એન્ડ ટ્રસ્ટ સોસાયટી (CUTS) સંસ્થાને

37. બિઝનેસ કોન્ફિડેન્સ ઈન્ડેકસ (BCI) તાજેતરમાં કઈ સંસ્થા દ્વારા પ્રકાશિત કરવામાં આવ્યો હતો ? – નેશનલ કાઉન્સિલ ઓફ એપ્લાયડ ઈકોનોમીક રીસર્ચ (NCAER)

(NCAERએ અર્થશાસ્ત્રના ક્ષેત્રમાં સંશોધન કરે છે. તેમજ તેની સ્થાપના વર્ષ 1956માં કરવામાં આવી હતી.)

38. તાજેતરમાં અમેરિકાના 'Sundance film festival 2021'માં કઈ ભારતીય ડોકયૂમેન્ટરી ફિલ્મએ એવોર્ડ જીત્યો છે ? – 'રાઈટીંગ વિથ ફાયર'

39. તાજેતરમાં શ્રી બંસી કૌલનું 71 વર્ષની વયે નવી દિલ્હી ખાતે નિધન થયું છે, તેઓ કયા ક્ષેત્ર સાથે સંકળાયેલ હતા ? – હિન્દી નાટય નિર્દેશન

(શ્રી બંસી કૌલએ નાટક જૂથ 'રંગ વિદૂષક'ની સ્થાપના કરી હતી. તેઓને વર્ષ 1995માં સંગીત નાટક અકાદમી એવોર્ડ અને વર્ષ 2014માં પદ્મશ્રી એવોર્ડ પણ મળ્યો હતો.)

40. તાજેતરમાં ભારતના ડેવિસ કપ ટેનિસ ટીમના પૂર્વ કોચનું કોલકાત્તા ખાતે નિધન થયું હતું, તેઓનું નામ જણાવો ? – શ્રી અખ્તર અલી

41. તાજેતરમાં લિઓન સ્પિંકસનું નિધન થયું હતું, તેઓ કઈ રમત સાથે સંકળાયેલા હતા ?

– હેવી વેઈટ બોકિસંગ

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

**સ્પર્ધાત્મક પરીક્ષાની લેટેસ્ટ માહિતી અને ફ્રી મટીરિયલ્સ તેમજ રેગ્યુલર કરંટ અફેર્સ મેળવવા માટે નીચે આપેલા અમારા**

Social Media Icon **પર** Click **કરો.**

**JOIN OUR WHATSAPP GROUP**

joinicerajkot.com

**JOIN OUR TELEGRAM**

t.me/icerajkotofficial

YouTube

ICE RAJKOT

Instagram

ICE RAJKOT

Facebook

like | comment | share

ICE RAJKOT

twitter

ICE RAJKOT